

GJ 891.474
P 975 B

# બાપુને દસ અંજલિ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA



# બાપુને દસ અંજલિ


અમૃતલાલ વેગડ

અનુવાદક

સોમેશ પુરોહિત



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૧૪

Library IIAS, Shimla
GJ 891.474 P 975 B
00130284

Acc. No. 130284
Date 10-9-2010
SIMLA

GJ
891.474
P975B

દસ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૦

પહેલી આવૃત્તિ : પ્રત ૨,૦૦૦, ઑગસ્ટ ૧૯૭૦
પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦, ઑગસ્ટ ૧૯૯૭
કુલ પ્રત : ૭,૦૦૦

ISBN 81-7229-193-0

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

# આશીર્વાદ

ગાંધીભક્તિથી પ્રેરાઈને અસંખ્ય લેખકોએ પોતાની કલમને પાવન કરી છે અને સુંદર સુંદર પુસ્તિકાઓ લખી છે. શ્રી અમૃતલાલ વેગડનો આ નવો પ્રયત્ન એમાંનો જ એક છે અને અભિનંદનીય છે.

એક ધ્રુવતારો, બે યાત્રાઓ, ત્રણ નામ વગેરે આંકડાઓનો ક્રમ વધારતાં વધારતાં દશ આદેશ સુધી પહોંચી જવું એ આ નિબંધમાળાની કાવ્યાત્મકતા છે. કળાકારને જ એ સૂઝે. ગાંધીજીવન ભણી જોવાનાં નવ-દશ પાસાંઓ હાથ લાગતાં જ શ્રી વેગડજીએ પોતાની કલમ ચલાવી છે અને પ્રસન્ન કરવાવાળા આ દશ નિબંધો આપ્યા છે.

આ કેન્દ્રીય કલ્પનાની સુંદરતા અને નવીનતાને લીધે જ આખું પુસ્તક રોચક થયું છે.

ગાંધીચરિત્ર જેમને પરિચિત છે, એમને આ પુસ્તક મનન કરવામાં મદદગાર થશે અને થોડી વાતો પર એમનું ધ્યાન વિશેષ રૂપે આકૃષ્ટ થશે.

પુસ્તક વાંચતાં વાંચતાં પાઠકોને નવી નવી વાતો યાદ આવશે અને પોતાની આગવી ઢબે લખવાની પ્રેરણા કેટલાયે લેખકોને થશે. આમ ગાંધીજીવન-મનનના નવા નવા નિબંધો તૈયાર થઈ જાય, તો એનો કંઈક યશ આ નિબંધમાળાને જરૂર મળશે.

**— કાકા કાલેલકર**

## શિલ્પીની સૂઝ
## સાધકની બૂઝ

બાપુના જીવન સંબંધી વિશાળ સાહિત્ય-મંદિરમાં, કંઈક લજ્જા અને કંઈક સંકોચ સાથે, ભાઈ અમૃતલાલ પણ એમનો લઘુ પૂજાથાળ લાવ્યા છે. એની સાથે ન તો ઘંટા-ઝાલરનો ઘનઘોર ઘટાટોપ છે, ન સ્તવ-સ્તોત્રોનો સીમાહીન સંભાર, બસ નાનો શો - કદાચ માટીનો બનેલો - થાળ છે, થોડી શી દિવેટો, જેમાં પૂજારીની અન્તર્મુખી દષ્ટિનો સ્નિગ્ધ પ્રકાશ છે.


અમૃતલાલ બાપુના 'ઘનિષ્ઠ સંપર્ક'માં આવનારાઓમાંના નથી એટલે જ તેઓ સંસ્મરણ લખવાને બહાને આત્મકથા લખી નાખવાની વિડંબનામાંથી બચી ગયા છે. બાપુના જીવનની ગુરુગંભીર વ્યાખ્યા કરવાનું દાયિત્વ પણ એમણે નથી સંભાળ્યું. તેઓ આપણામાંના જ એક છે. એથી એમની રચનામાં આત્મીયતાનો અનાયાસ આશ્વાસ છે.

બાપુને ઉપલબ્ધ કરવાની ચાવી એમણે બાપુ દ્વારા જ પ્રાપ્ત કરી છે. બાપુના જીવનની અભિભૂત કરવાવાળી અનેકરૂપતા વચ્ચે એમણે એકતાનાં થોડાં સરળ સૂત્રો ગોતી કાઢ્યાં છે - તર્કયુક્તિની ભુલભુલામણીથી નહીં, પોતાના જ હૃદયની સીધીસાદી ગલીઓમાં હરતાંફરતાં; એટલે જ એમની ખોજમાં આપણો સૌનો હિસ્સો છે.

અમૃતલાલ વ્યવસાયે શિલ્પી છે, એટલે રંગ-રૂપ-રેખાઓના પેલા આંતરિક વિરહ-મિલનનો ભેદ તેઓ જાણે છે, સુરુચિ અને સહૃદયતાના રસથી શિલ્પી જેને ભીજવે છે. એટલે જ એમને સંતુલન સુલભ છે. અને સુષમા પણ. સ્વભાવથી અમૃતલાલ સાધક છે, એટલે મંગલની કલ્પના એમને અનુપ્રેરિત કરે છે. એમની શૈલી આમ શિલ્પીની સૂઝ અને સાધકની બૂઝનાં તત્ત્વોથી આપોઆપ ઘડાઈ ઊઠી છે. બાપુ જો કેવળ સંગ્રહાલયમાં સજાવીને રાખવાની વસ્તુ ન હોય, તો અમૃતલાલની આ રચનાઓ આપને જરૂર ગમશે.

વિશ્વભારતી,
શાંતિનિકેતન

**– મોહનલાલ બાજપેયી**



## અનુક્રમણિકા


૧. બાપુનો ધ્રુવતારો ૧
૨. બાપુની બે યાત્રાઓ ૫
૩. બાપુનાં ત્રણ નામ ૧૨
૪. બાપુનાં ચાર સ્નેહપાત્ર ૧૫
૫. બાપુના પાંચ ડૉક્ટર ૨૧
૬. બાપુના છ સત્યાગ્રહ ૨૫
૭. બાપુનાં સાત રૂપ ૩૩
૮. બાપુની યાત્રાના આઠ પડાવ ૩૯
૯. બાપુના દરબારનાં નવ રત્ન ૪૫
૧૦. બાપુના દસ આદેશ ૫૧

મહાદેવ દેસાઈની પાવન સ્મૃતિને

☆



## ૧. બાપુનો ધ્રુવતારો

સત્ય એ બાપુનો ધ્રુવતારો હતો. ગાઢ અંધકારમાં સત્યનો તારો જ તેમનો માર્ગદર્શક હતો. બાપુના મનના બધા સંશયો દૂર કરવાની શક્તિ એકમાત્ર સત્યમાં જ હતી. બાપુએ પોતાની 'આત્મકથા'માં લખ્યું છે : ''ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ.'' ઈશ્વરની પૂજા પણ તેઓ સત્યરૂપે જ કરતા હતા. પહેલાં બાપુ કહેતા હતા : ''ઈશ્વર સત્ય છે.'' પછી કહેવા લાગ્યા : ''સત્ય એ જ ઈશ્વર છે.'' સત્યથી ચડિયાતું ત્રણે લોકમાં તેમને મન બીજું કંઈ જ નહોતું.

બાપુ આજીવન સત્યના પ્રયોગો - પરીક્ષણો કરતા રહ્યા. આ પ્રયોગોને પરિણામે તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે ભલાઈથી ભલાઈ પેદા થાય છે અને બૂરાઈથી બૂરાઈ. સારો હેતુ કોઈ દિવસ બૂરાં સાધનો વડે પાર નહીં પડે, તેથી સત્યના પાલન માટે અહિંસા આવશ્યક હોય છે. અહિંસાના રાજમાર્ગ પર ચાલીને જ આપણે સત્યના રાજમહેલ સુધી પહોંચી શકીએ.

પણ બાપુની અહિંસા કાયરોની અહિંસા ન હતી. તેઓ કહેતા : ''હિંસા બૂરી છે, પણ કાયરતા હિંસા કરતાં પણ બૂરી છે; જે ડરે છે તેને માટે નથી સત્ય કે નથી અહિંસા. જેમ ભય અને અસત્ય વચ્ચે ગાઢ મિત્રતા છે તેમ સત્ય અને અભય વચ્ચે પણ છે. બળવાનની અહિંસા એ જ શુદ્ધ અહિંસા છે.'' તેથી જ સત્યના પાલન માટે તેમણે અહિંસાની સાથે નિર્ભયતાને પણ આવશ્યક માની. પોતે નિર્ભય રહી સત્યનું પાલન કર્યું. ભયને તો બાપુ જાણતા જ નહોતા. જ્યાં સશસ્ત્ર સેના પણ જતાં ડરે ત્યાં એકલા જવાની બાપુની તૈયારી રહેતી!

આમ બાપુના સત્યની એક બાજુ છે અહિંસા તો બીજી બાજુ છે અભય. રામની એક બાજુ સીતા તો બીજી બાજુ લક્ષ્મણ.

બાપુનું સત્ય કાંઈ નર્યું શાસ્ત્રીય સત્ય ન હતું. તે કાગળ ઉપર લખી રાખવા માટે નહીં પણ જીવનમાં ઉતારવા માટે હતું. બાપુ જેનું પોતે પાલન કરે તે જ કહે. તેમણે કહ્યું પછી, કર્યું પહેલાં. પોતાનું સંપૂર્ણ જીવન તેમણે ગરીબો ને પીડિતોની સેવામાં અર્પણ કર્યું હતું કેમ કે જ્યાં અસમાનતા અને દમન છે ત્યાં અન્યાય અને અસત્ય હોય જ. આ સત્યનિષ્ઠાને કારણે જ બાપુ ચારિત્ર્ય પર બહુ ભાર મૂકતા. સ્વચ્છ ને પવિત્ર જીવન જ તેમને સૌથી પ્રિય હતું. તેમનો વિશ્વાસ હતો કે ચારિત્ર્ય વિના નથી મનુષ્ય ઊંચે ચડી શકતો, નથી દેશ.

બાપુ સત્યના પૂજક હતા. તેઓ સત્યને ખાતર જ જીવતા હતા. તેમનું સમગ્ર જીવન સત્યનું જ એક અખંડ તપ હતું. જો આપણે સત્યને માર્ગે ચાલવા માગીએ તો બાપુ આપણા ઉત્તમ માર્ગદર્શક બની શકે. તેઓ માનતા હતા કે જેમ કોઈ દેશ પોતાની સુરક્ષા માટે પોતાની સરહદ પર લશ્કરી ચોકીઓ ઊભી કરે છે તેમ જ અસત્યના આક્રમણને રોકવા માટે આપણે પણ કેટલીક ચોકીઓ ઊભી કરવી જોઈએ. આવી પહેલી ચોકી છે આપણું મન. અસત્યનું પહેલું આક્રમણ આપણા મન પર થાય છે. તેથી આપણે મનની ચોકી કરી એ વાતની સાવધાની રાખવી જોઈએ કે અસત્ય આપણા મનમાં પેસી ન જાય. અને જો પેસી જ જાય તો આપણે બીજી ચોકીનું મરણિયા બની રક્ષણ કરવું જોઈએ. આ બીજી ચોકી તે આપણી વાણી. જો મનમાં અસત્ય પેસી જાય તો પછી અસત્ય બોલવામાં વાર નહીં લાગે. અસત્ય જો આ બે ચોકીઓ પર પોતાનો કબજો જમાવી લે તો ત્રીજી ચોકી જીતવી તેને માટે રમતવાત થઈ પડશે. ત્રીજી ચોકી છે આપણું કર્મ. જો આપણા મનમાં અસત્ય હોય, વાણીમાં અસત્ય હોય તો પછી ખોટું કામ કરવામાં શી વાર! એટલે જ બાપુનો આગ્રહ છે કે સત્યનું પાલન મન, વચન અને કર્મથી થવું જોઈએ.

સત્યને રાહે ચાલવામાં કેટલાક વિશ્વાસો પણ આપણી મદદ કરી શકે છે. આવો એક વિશ્વાસ છે સચ્ચિદાનંદ. જ્યાં સત્ય છે ત્યાં જ જ્ઞાન છે, ત્યાં જ આનંદ છે. આ વસ્તુ પર બાપુની દઢ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાથી તેમને બળ મળતું હતું. આપણા દેશનો પ્રેરણામંત્ર છે : 'સત્યમેવ જયતે'. સત્યનો જ જય થાય છે. પણ કેટલીક વાર આપણે જોઈએ છીએ કે અસત્ય જ વધારે સફળ થાય છે. ખરી વાત એ છે કે અસત્ય શરૂઆતમાં તો સફળ થાય છે, પણ અંતે તેનો ઘડો ફૂટી જાય છે. સસલા અને કાચબાની દોડની જેમ અસત્ય શરૂઆતમાં તો ફાળ ભરતું આગળ નીકળી જાય છે, પણ છેવટની

બાજી તો કાચબાની ચાલ ચાલનાર સત્ય જ જીતે છે. અસત્યની સફળતા ક્ષણિક હોય છે, જ્યારે સત્યનો જય શાશ્વત.

એ ખરું છે કે સત્ય બોલવું કઠણ છે અને અસત્ય બોલવું સહેલું છે. પરંતુ અસત્ય બોલવું એટલું સહેલું પણ નથી હોતું, જેટલું ધારવામાં આવે છે. એક અસત્યને છુપાવવા બીજું અસત્ય બોલવું પડે છે અને બીજાને છુપાવવા ત્રીજું. આ ક્રમ વધતો જ જાય છે અને દરેક નવું અસત્ય બોલતી વેળા જૂનાં અસત્યો યાદ રાખવાં પડે છે. તેમ છતાં પકડાઈ જવાનો ડર તો ડગલે ને પગલે તોળાઈ રહેલો હોય છે. આના કરતાં એક વાર સત્ય કહી દીધું ને આ પ્રપંચમાંથી મુક્તિ મેળવી લીધી.

સત્યને માર્ગે જવામાં બાપુનું એક રમકડું પણ આપણને સહાય કરે છે. ત્રણ વાંદરા છે: એક વાંદરો કહે છે: 'અસત્ય મા બોલ.' બીજો કહે છે: 'અસત્ય મા સાંભળ.' ત્રીજો કહે છે: 'અસત્ય મા જો.' આપણે આટલું કરી શકીએ તો બાપુ બહુ રાજી થશે.

# ૨. બાપુની બે યાત્રાઓ

## ૧

૨૬ જાન્યુઆરી, ૧૯૩૦. આપણો પહેલો સ્વાતંત્ર્યદિન.

તે દિવસે ભારતે સ્થળે સ્થળે 'તિરંગો' ફરકાવીને પૂર્ણ સ્વરાજ્ય લેવાની પ્રતિજ્ઞા કરી. બાપુના નેતૃત્વ હેઠળ સત્યાગ્રહ કરવાનો નિશ્ચય થયો. દેશની જનતા સત્યાગ્રહનો શંખ ફૂંકાવાની પ્રતીક્ષા કરવા લાગી.

થોડાક દિવસ વિચાર કર્યા પછી બાપુએ વાઈસરૉયને એક પત્ર લખ્યો. પત્રમાં તેમણે અગિયાર માગણીઓ રજૂ કરી. એક માગણી એવી હતી કે મીઠાનો કર રદ કરી નાખવો. ગરીબમાં ગરીબ માણસને પણ મીઠાની જરૂર પડે છે. તેથી મીઠા ઉપર કર નાખવો એ અન્યાય છે. જો સરકાર આ કર રદ નહીં કરે તો તેઓ મીઠાના કાયદાનો ભંગ કરશે.

આઝાદીની લડત સાથે દેશના લોકો મીઠા જેવી સામાન્ય વસ્તુનો મેળ બેસાડી શક્યા નહીં. ક્યાં આઝાદી ને ક્યાં મીઠું! પણ નાની નાની વસ્તુઓ વડે મોટાં મોટાં કામ કરવાની બાપુમાં અદ્‌ભુત ને અનેરી શક્તિ હતી. બાપુના સ્પર્શથી 'મીઠું' એક બળવાન શબ્દ બની ગયું. સરકારે બાપુની વાત પર કાંઈ ધ્યાન આપ્યું નહીં ત્યારે તેમણે મીઠાનો કાયદો તોડવાનું નક્કી કર્યું. આ ઐતિહાસિક અવસર માટે તેમણે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે આવેલું દાંડી ગામ પસંદ કર્યું.

૧૨ માર્ચ, ૧૯૩૦. બાપુ પોતાના ૭૮ આશ્રમવાસીઓ સાથે દાંડીની દિશામાં ચાલી નીકળ્યા. સાબરમતીનો સત્યાગ્રહાશ્રમ



છોડતી વખતે બાપુએ ઘોષણા કરી: ''કાગડા-કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વગર આશ્રમમાં પાછો નહીં ફરું.'' બાપુની આ પ્રતિજ્ઞાએ દેશ આખાને ઢંઢોળી નાખ્યો. રસ્તે રસ્તે અને ગામોગામ બસ એક જ વાત ચર્ચાતી હતી – બાપુની દાંડીયાત્રાની. નિ:શસ્ત્ર બાપુએ દુનિયાના સૌથી મોટા સામ્રાજ્યની સામે પડકાર ફેંક્યો હતો.

બાપુ પોતાના સત્યાગ્રહી દળ સાથે ખારા સમુદ્ર તરફ આગળ ને આગળ વધતા જતા હતા. તેઓ જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ દેશનો ઉત્સાહ પણ વધતો ગયો. ચારે દિશાઓમાં એવો વિશ્વાસ ઉત્પન્ન થઈ ગયો કે આપણે વિજય તરફ આગેકૂચ કરી રહ્યા છીએ. સમગ્ર પ્રજામાં પ્રાણસંચાર કરવાની બાપુની અનેરી શક્તિ

જોઈને દુનિયા અચરજમાં ડૂબી ગઈ. મોતીલાલ નેહરુએ કહ્યું: ''રામની લંકાયાત્રાની જેમ બાપુની આ દાંડીયાત્રા સદાને માટે આ દેશના સ્મૃતિપટ ઉપર અંકાયેલી રહેશે.''

૧૯૩૦ના એપ્રિલની પાંચમી તારીખે બાપુ પોતાના સાથીઓ સાથે દાંડી પહોંચ્યા. છઠ્ઠી એપ્રિલે તેમણે મીઠાના કાયદાનો ભંગ કર્યો. સમગ્ર દેશ બાપુના આ પગલાની જ વાટ જોઈ રહ્યો હતો. પછી તો પૂછવું જ શું? કાયદો તોડીને મીઠું પકવવાનું કામ જંગલના દવની જેમ ફેલાઈ ગયું. દેશની જનતા પર વિજયની અદ્ભુત ખુમારી છવાઈ ગઈ. નિ:શસ્ત્ર બળવો આખા દેશમાં જાગી ઊઠ્યો.

આ યાત્રામાં બાપુએ એક મહાન કલાકારની સૂઝ બતાવી. અમદાવાદથી દાંડી પહોંચવામાં તેમને ૨૪ દિવસ લાગ્યા. યાત્રાના માર્ગમાં લગભગ ૩૦૦ ગામ આવ્યાં. ગ્રામજનોનાં ટોળાંનાં ટોળાં બાપુનાં દર્શન માટે ઊભરાઈ રહ્યાં. બાપુએ ઇચ્છ્યું હોત તો તેઓ મોટર દ્વારા માત્ર છ જ કલાકમાં દાંડી પહોંચી ગયા હોત. પણ મોટરમાં બાપુ કેવળ દાંડી પહોંચ્યા હોત - લોકોનાં હૃદયોમાં નહીં. જનતાના હૃદયના દરવાજા મોટરો માટે કદી નથી ઊઘડતા.



## ૨

સને ૧૯૩૦ની દાંડીયાત્રા પછી સોળ વરસે ૧૯૪૬માં આવી બાપુની નોઆખાલી યાત્રા.

સ્વરાજ્ય ઢૂંકડું આવી પહોંચ્યું હતું. પણ દેશનું વિભાજન પણ એટલું જ નિશ્ચિત બની ચૂક્યું હતું. ધર્મને નામે હુલ્લડો ને તોફાનો ફાટી નીકળ્યાં. પૂર્વ બંગાળના મુસ્લિમ બહુમતીવાળા નોઆખાલી જિલ્લામાં હિંદુઓ પર વ્યાપક આક્રમણો થયાં. તેમનાં ઘરો અને મંદિરો બાળીને ખાખ કરી મુકાયાં. મોટા પાયા ઉપર લૂંટફાટ ચાલી. હિંદુઓને જબરજસ્તીથી મુસલમાન બનાવવામાં આવ્યા.

સેંકડો હિંદુઓની કતલ કરવામાં આવી. હિંદુ સ્ત્રીઓનું અપહરણ કરવામાં આવ્યું. તેમના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો.

બાપુથી આ બધું સહન ન થયું. તેમણે કહ્યું : ''આ ત્રસ્ત નારીત્વનો પોકાર મને નોઆખાલી બોલાવી રહ્યો છે. જ્યાં સુધી હિંદુમુસ્લિમ ઝઘડાની છેલ્લી ચિનગારી પણ બુઝાઈ ન જાય ત્યાં સુધી હું બંગાળ છોડવાનો નથી. અહીં હું મરી ફીટીશ, પણ હારનો સ્વીકાર નહીં કરું.''

૭૮ વરસની ઉંમરના બાપુએ લોહીથી ખરડાયેલા નોઆખાલીની દિશામાં પ્રયાણ કર્યું. નોઆખાલીનો પ્રદેશ ઘણો દુર્ગમ છે. ઘણાંખરાં ગામોમાં તો નૌકામાં બેસીને જ જઈ શકાય છે. ત્યાં પહોંચ્યા પછી બાપુએ લખ્યું : ''અહીં મને જો સફળતા મળશે તો હું માનીશ કે મારા જીવનની મોટામાં મોટી સફળતા મને મળી છે.''

નોઆખાલીમાં બાપુની ચારે બાજુ માત્ર બે જ વસ્તુઓ હતી : લોહી અને આંસુ. બાપુને લોહી અને આંસુના સમુદ્રમાંથી પસાર થવાનું હતું. ત્રસ્ત અને ભયભીત લોકોમાં ફરીથી આત્મવિશ્વાસ પૂરવો હતો. ધર્માંધ લોકોને સાચે માર્ગે વાળવા હતા. વેરાન અને ખેદાનમેદાન થયેલી વસ્તીને ફરીથી વસાવવી હતી. બાપુએ પોતાના અંતેવાસીઓ અને કાર્યકરોને નોઆખાલીનાં જુદાં જુદાં ગામોમાં બેસાડી દીધા અને પોતે એક ભાઈ અને એક બહેન સાથે નોઆખાલીમાં ઘરોઘર અને ગામોગામ પગપાળા ફરવા લાગ્યા.

નોઆખાલીમાં મૃત્યુનો ભય તો ડગલે ને પગલે ઊભો જ હતો. પણ મૃત્યુથી ડરે તો બાપુ શાના? મૃત્યુને તો બાપુ મિત્ર ગણતા હતા. પોતાના રક્ષણ માટે કોઈને પણ સાથે લઈ જવાની તેમણે ઘસીને ના પાડી. બાપુએ પોતાનું સર્વસ્વ ઈશ્વરને સોંપી દીધું હતું. તેમનો વિશ્વાસ હતો કે જેની સાથે ભગવાન છે તેની સાધનાને કોઈ કદી વિચલિત કરી શકે નહીં. જેને પોતાના પરમેશ્વર ઉપર અખંડ

વિશ્વાસ ન હોય તે આટલો હિંમતવાન હોઈ જ ન શકે.

નોઆખાલીના તોફાનવાળા ભાગોમાં ક્યાંક હાડકાં પડેલાં હોય તો ક્યાંક લાશો પડેલી હોય. કેટલાય લોકો ભૂખે મરતા હતા. બાપુ પર આ બધાં કરુણ દશ્યોની ઘેરી અસર પડી. તેઓ વયોવૃદ્ધ અને અશક્ત હોવા છતાં ઉઘાડે પગે પગપાળા ફરવા લાગ્યા. ઠંડીને લીધે તેમના પગનાં તળિયાંમાં ચીરા પડી ગયા અને તેમાંથી લોહી વહેવા લાગ્યું. પણ બાપુ શાના માને? રોજ પરોઢિયે ચાર વાગ્યે ઊઠે. ત્રણ-ચાર માઈલ ચાલી કોઈ ગામમાં પહોંચે. ત્યાં એક દિવસ રોકાઈ આગલા ગામ તરફ ચાલી નીકળે. આ યાત્રા અતિશય કઠણ હતી. ત્યાંના રસ્તા પણ જોખમભરેલા હતા. બાપુને આ યાત્રામાં કેટલાયે ડગુમગુ થતા વાંસના પુલો પાર કરવા પડતા.

૭મી નવેમ્બર, ૧૯૪૬થી ૨જી માર્ચ ૧૯૪૭ સુધી બાપુનું જીવન આમ જ ચાલ્યું. તેઓ નોઆખાલીના લોકોને સમજવામાં અને તેમને સુધારવા કે સાંત્વન આપવાના પ્રયત્નમાં ડૂબી ગયા. આવી સ્થિતિમાં કોઈ સામાન્ય રાજપુરુષ હોત તો તેણે નોઆખાલીના ભયગ્રસ્ત લોકો સામે કેવળ સહનશીલતાનું ભાષણ ઝૂડ્યું હોત અને ઘરનો રસ્તો પકડ્યો હોત.

બાપુની આ યાત્રાનો લોકોના મન પર વિસ્મયકારી પ્રભાવ પડ્યો. આતતાયીઓએ પોતાનાં હથિયાર બાપુને ચરણે મૂકી દીધાં. જે ઝૂંપડાં મુસલમાનોએ બાળી નાખ્યાં હતાં તેનું બાંધકામ તેઓ પોતે જ કરવા લાગ્યા. ઘણા શરણાર્થીઓ પોતાને ઘેર પાછા ફરવા લાગ્યા. બે માસ પછી પહેલી વાર મંદિરોમાં શંખધ્વનિ અને ઘંટારવ સંભળાતો થયો. જે ગામોમાં હમણાં હમણાં ગુંડારાજ કાયમ થઈ ગયું હતું ત્યાં ફરી એક વાર નવી અને ભરી ભરી જિંદગી લહેરાવા લાગી. આખી દુનિયા સ્તબ્ધ બની બાપુના આ ચમત્કારને નિહાળી રહી!

દાંડીયાત્રા અને નોઆખાલી યાત્રા! એક પશ્ચિમ ભારતમાં;

બીજી પૂર્વ ભારતમાં. એક ગુલામીની ઘોર રાત્રિમાં; બીજી આઝાદીના ઉષ:કાળમાં. એક ૭૮ અંતેવાસીઓ સાથે; બીજી ૭૮ વર્ષની વયે એકલા-અટૂલા! એક યાત્રા સત્યનો કેતુ; બીજી પ્રેમનો સેતુ. એક હતી ક્રાંતિ-યાત્રા; બીજી હતી શાંતિ-યાત્રા. એક દેશભક્તિની આગ પ્રગટાવવા માટે; બીજી અંદરોઅંદરનાં વેરઝેરની આગ શમાવવા માટે! માનવ-ઈતિહાસનાં ધૂમાચ્છાદિત પૃષ્ઠો પર બાપુની આ બે યાત્રા યુગયુગ સુધી ઝળહળતી રહેશે.



## ૩. બાપુનાં ત્રણ નામ

બાપુની કથા એ સંઘર્ષની કથા છે. એક વાર તેમણે પ્રાર્થનાસભામાં કહ્યું હતું: ''હું જન્મથી જ સંઘર્ષ કરતો આવ્યો છું અને નિષ્ફળતા શું છે તે હું જાણતો જ નથી.'' આ એક જ વાક્યમાં બાપુએ પોતાની સંપૂર્ણ આત્મકથા કહી દીધી છે. તેમનું સમગ્ર જીવન અન્યાય, અત્યાચાર અને અસત્યની સામે સતત ઝૂઝવામાં જ વીત્યું. બાપુ એક મહાન યોદ્ધા હતા. પોતાના જીવનમાં તે એકીસાથે ત્રણ લડાઈઓ લડ્યા: એક પોતાની સામે, બીજી પોતાના દેશવાસીઓની સામે, ત્રીજી પરદેશી હકૂમતની સામે.

તેમની પહેલી લડાઈ પોતાની જ સામે હતી. બાપુએ પોતાનું જીવન ક્યાંથી શરૂ કર્યું અને તેને ક્યાં પહોંચાડી દીધું! નાનપણમાં તેમનામાં કેટલાક એવા દોષો હતા જે કોઈ પણ બાળકમાં હોઈ શકે. પણ જ્યારથી તે સમજણા થયા ત્યારથી પોતાના દોષો વીણી વીણીને કાઢવા લાગ્યા. આને માટે તેમને કઠોર આત્મસંઘર્ષ કરવો

પડ્યો. લાંબા સમય સુધી તપસ્યા કરવી પડી. અખૂટ ધીરજ ધરવી પડી. ઇંદ્રિયો પર જય મેળવવા બાપુએ કોઈ પણ કષ્ટને મોટું ન માન્યું. મોહ, ભય, કામ, ક્રોધ આદિ શત્રુઓને એક એક કરીને તેમણે જીત્યા. સત્ય અને બ્રહ્મચર્યનું કઠોરતાથી પાલન કર્યું. વિરોધી માટે પણ મનમાં અપાર પ્રેમ રાખ્યો. સુખદુ:ખ અને રાગદ્વેષથી તેઓ પર થઈ ગયા. ટૂંકમાં આ બધાને પરિણામે બાપુ પોતાના કરોડો દેશવાસીઓની નજરમાં એક આત્મામાંથી મહાત્મા બની ગયા.


બાપુની પહેલી લડાઈ જો પોતાની સામે હતી તો બીજી લડાઈ પોતાના દેશબંધુઓની સામે હતી. તેમણે જોયું કે હિંદના લોકો અંગ્રેજોના જુલમની ફરિયાદ તો કરે છે, પણ તેઓ પોતે જુલમ કરવામાં કાંઈ ઓછા નથી. પોતાને ઉચ્ચ વર્ણના કહેવડાવનાર હિંદુઓ અસ્પૃશ્યો ઉપર જુલમ ગુજારતી વખતે પોતાની માણસાઈ પણ ભૂલી ગયા હતા. ભારતીય નારીની પણ લગભગ તેવી જ દુર્દશા હતી. અંગ્રેજી ભણેલા લોકોના મનમાં અભણ અને નિરક્ષર લોકો પ્રત્યે અનાદર અને તિરસ્કારનો ભાવ હતો. શહેરી લોકો ગામડાના લોકોને ઉપેક્ષાની નજરે જોતા હતા.

ભારતના આ કરોડો દલિત અને ઉપેક્ષિત લોકોને ખાતર બાપુને પોતાના જ દેશવાસીઓ સામે વર્ષો સુધી ઝૂઝવું પડ્યું. પીડિતો અને અસહાયોના તેઓ કર્ણધાર બન્યા. અસ્પૃશ્યતાના માળખાને તેમણે તોડીફોડીને નાબૂદ કરી નાખ્યું. ખાદી મારફતે તેમણે મૂડી વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. સ્ત્રી-કેળવણી, ગ્રામોદ્ધાર, દારૂબંધી, સર્વધર્મો પ્રત્યે આદરભાવ વગેરે કેટલાંયે આંદોલનો તેમણે ચલાવ્યાં અને દીનહીન ભારતવાસીઓના જીવનમાં આશાનો સંચાર કર્યો. બાપુ તેમની સાથે એકરૂપ થઈ ગયા અને પોતાના આત્માને તેમના આત્મામાં લીન કરી દીધો. બાપુ તેમના દુ:ખે દુ:ખી અને તેમના સુખે સુખી હતા. જેમ કોઈ પિતા પોતાનાં સંતાનોનાં સુખદુ:ખમાં

ભળી જાય, એવી રીતે બાપુ દલિતો અને ઉપેક્ષિતોનાં સુખદુ:ખમાં ભળી ગયા હતા. ભારતના લોકોએ આ વસ્તુ અનુભવી અને તેઓ દેશના લોકોના પ્યારા બાપુ બની ગયા. ન્યાતજાત, વર્ણ, ધર્મ અથવા રંગનો ભેદભાવ રાખ્યા વિના તેઓ બધાના બાપુ – વત્સલ પિતા – થઈ ગયાં હતા.

બાપુના જીવનની ત્રીજી અને અનેરી લડત હતી બ્રિટિશ સામ્રાજ્યની સામે. દક્ષિણ આફ્રિકાથી આવી બાપુએ પરાધીન ભારતની લગામ પોતાના હાથમાં લીધી. બાપુની નેતાગીરી નીચે ભારત જે લડાઈ લડ્યું તેનો જોટો દુનિયાના ઈતિહાસમાં મળી શકે તેમ નથી. કોઈ જાતની હિંસા કે રક્તપાતનો આશરો લીધા વગર સતત ત્રીસ ત્રીસ વર્ષ સુધી બાપુ દુનિયાના સૌથી શક્તિશાળી સામ્રાજ્યની સામે ટક્કર લેતા રહ્યા. પોતાના જાદુઈ સ્પર્શથી તેમણે આપણા પુરાણા દેશને ફરીથી જવાન અને બળવાન બનાવી દીધો. તેમના એક ઈશારામાત્રથી કેવળ પુરુષો જ નહીં પણ સ્ત્રીઓ અને નાનાં નાનાં બાળકો પણ ભારતની આઝાદીના સૈનિક બની ગયાં અને પરદેશી સત્તા સામે ઝૂઝયાં. અંતે બ્રિટિશ સામ્રાજ્યને નમવું પડ્યું – હાર સ્વીકારવી પડી! બાપુના અખંડ તપ, ત્યાગ અને અનેરા પ્રભાવથી આ વિશાળ દેશ સેંકડો વરસોની ગુલામીમાંથી મુક્ત થયો. કૃતજ્ઞ દેશવાસીઓએ એક સ્વરથી બાપુની વંદના કરી અને राष्ट्रपिताના વહાલસોયા નામથી તેમને બિરદાવ્યા.

બાપુ એકીસાથે ત્રણ ત્રણ મોરચાઓ પર લડ્યા અને ત્રણેમાં વિજયી નીવડ્યા. (महात्मा, बापु અને राष्ट्रपिता– આ ત્રણ શબ્દો આપણને બાપુના આ ત્રિવિધ વિજયનું જ સ્મરણ કરાવે છે. ત્રણે શબ્દોનો પોતપોતાનો ઈતિહાસ છે અને આ ત્રણે નામ ભારતવાસીઓને પ્રાણથી પણ પ્યારાં છે. છતાં જો ત્રણેમાંથી કોઈ એકની પસંદગી કરવી જ પડે તો ભારતના કોટિ કોટિ લોકો એકીઅવાજે બોલી ઊઠશે — બાપુ!



## ૪. બાપુનાં ચાર સ્નેહપાત્ર

એક વાર બાપુ ભારત-તીર્થની યાત્રાએ નીકળ્યા. સહેજ આગળ ગયા એટલામાં ઝાડઝાંખરાંની આડમાં પડેલી એક વસ્તુ પર તેમની નજર પડી. તેની દુર્દશા જોઈ બાપુને ઘણું દુઃખ થયું. તેમણે પૂછ્યું : ''ભાઈ, તું કોણ છે?''

તેણે કહ્યું : ''હે પથિક, તમારી વાણી સાંભળી મારું અંગ અંગ સુખ અનુભવવા લાગ્યું છે. મને લાગે છે કે હવે મારા દહાડા ફરવાના છે. લોકો મને રેંટિયો કહે છે. એક સમય એવો હતો જ્યારે ભારતમાં ઘેર ઘેર મારો સૂર ગુંજતો હતો. હું કરોડો લોકોનાં તન ઢાંકતો હતો; લાખોને રોજીરોટી આપતો હતો. તે દિવસોમાં આ દેશ કાપડની બાબતમાં બીજા કોઈ દેશનો ઓશિયાળો ન હતો. એવે સમયે અંગ્રેજો આવ્યા. પોતાની સાથે પોતાના દેશની મિલોમાં બનેલું કાપડ પણ લાવ્યા. મિલોનું કાપડ ખરીદવામાં સસ્તું ને જોવામાં લોભામણું! લોકો તેની તરફ આકર્ષાયા. મને તેઓ ભૂલી ગયા.

લાખો ત્રાકો અને લાખો વણકરો બેકાર થઈ ગયાં. દેશનું ધન વિદેશ જવા લાગ્યું. જો આમ જ ચાલતું રહેશે તો દેશ આખો ઉજ્જડ ને વેરાન થઈ જશે.''

રેંટિયાની કહાણી સાંભળીને બાપુ ખિન્ન અને દુઃખી થઈ ગયા. રેંટિયાને આશ્વાસન આપી તેઓ આગળ વધ્યા. આગળ વધતાં જ તેમની નજર એક માણસ પર પડી તેનાં કપડાં મેલાં હતાં, ચહેરો ઉદાસ અને ગભરાયેલો હતો. બાપુને જોઈ તે પાછો હઠવા લાગ્યો. બાપુએ પૂછ્યું: ''ભાઈ, તું આમ ગભરાયેલા જેવો કેમ લાગે છે? કઈ મુસીબતમાં તું આવી પડ્યો છે?''

પેલાને પોતાના કાન ઉપર વિશ્વાસ બેઠો નહીં. છતાં બાપુના સ્નેહ અને વાત્સલ્યને જોઈ તેનામાં હિંમત પ્રગટી અને તે નિર્ભય થઈ બોલ્યો: ''હે યાત્રી, તમે જાણતા નથી કે હું અસ્પૃશ્ય છું? અમને-અસ્પૃશ્યોને-માણસનું ખોળિયું તો મળ્યું છે, પણ અમારું જીવન તો પશુ કરતાંયે ખરાબ છે. ઉચ્ચ વર્ણના હિંદુઓના પડછાયાને અડકવાનો પણ અમને અધિકાર નથી. તેમનાં મંદિરો ને તેમના કૂવાઓ સુધી અમારી પહોંચ નથી. અમારું આ અછૂતપણું અમને દિવસ-રાત હેરાન-પરેશાન કરી મૂકે છે. જોજો ભલા પથિક, મને અડકવાથી તમે પણ પાપમાં પડશો. તમારી સલામતી ચાહતા હો તો આગળ જાઓ. મારી સાથે તમને કોઈ જોઈ જશે તો તમારે પણ દંડ ભોગવવો પડશે.''

બાપુએ અમૃતઝરતી વાણીમાં કહ્યું: ''મારા ભાઈ, ન્યાતજાતનો ભેદ તદ્દન જૂઠો છે. બીજા કોઈના જેટલા જ તમે અછૂતો પણ ભગવાનને પ્રિય છો-કદાચ તમારા પર પ્રભુનું વહાલ વધારે હશે. બહેતર છે કે અમે તમને અછૂતને બદલે 'હરિજન' કહીએ. આવ ભાઈ, તને ભેટીને મને પાવન થવા દે. અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું ઘોર કલંક છે. આ કલંકને ધોઈ કાઢીને જ હું જંપીશ.''

બાપુએ તેને બાથમાં લીધો, તેવામાં તો ઘણાં હરિજન બાળકો

ત્યાં આવી પહોંચ્યાં. બાપુનું વહાલ જોઈને બાળકો આનંદઘેલાં બની ગયાં. બાળકોને જોઈ બાપુ બોલ્યા: ''આ હરિજન બાળકો જ મારા કૃષ્ણ-ગોપાલ છે!''

હવે બાપુ આગળ વધ્યા. થોડેક દૂર ગયા હશે કે તેમણે બે માણસોને લડતા જોયા. તેમની ભયંકર લડાઈ જોઈ લાગતું હતું કે બન્ને વચ્ચે સૈકાઓથી વેરઝેર ચાલતું આવ્યું છે. બન્ને એકબીજાનો જાન લઈને જ જંપશે. બાપુ બોલ્યા: ''સબૂર!'' આ અવાજમાં પોલાદી રણકો હતો. બન્ને થંભી ગયા. બાપુએ પૂછ્યું: ''આમ લડો છો શા માટે?''

એક કહે: ''આ હિંદુ છે. હું એની કતલ કર્યા વિના નહીં રહું.''

બીજો કહે: ''આ મુસલમાન છે. હું એને જાનથી મારી નાખીશ.''

બાપુ બોલ્યા: ''પણ તમે બન્ને ઇન્સાન નથી? ધર્મ આપણને એકબીજા પ્રત્યે વેરઝેર રાખવાનું જ શીખવે છે? શું આપણે બધા એક જ પ્રભુનાં સંતાન નથી? એક જ પિતાનાં સંતાનો હોવાને લીધે આપણે બધા ભાઈ ભાઈ છીએ. ભાઈઓ આ રીતે પરસ્પર લડે એ શોભતું નથી. લડવું અને એકબીજાનો જાન લેવો- આથી વધુ મૂર્ખતા બીજી કઈ હોઈ શકે? આમ કરવાથી કોઈને પણ ફાયદો થવાનો નથી.''

બાપુની વાણીમાં અદ્‌ભુત મીઠાશ અને તેમના હૃદયમાં અપાર કરુણા હતી. બન્નેને પોતાની ભૂલ સમજાઈ. બન્ને વેરઝેર ત્યાગી એકબીજાને ભેટી પડ્યા.

પછી બાપુ લાંબાં ડગ ભરતા આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં થોડેક દૂર તેમણે એક ગામ જોયું. પણ બાપુ થાકી ગયા હતા, તેથી તેઓ એક વડના ઝાડ નીચે વિસામો લેવા બેઠા અને ત્યાં જ ઊંઘી ગયા. એટલામાં ધીમા અવાજે કોઈ કહેવા લાગ્યું: ''બાપુ, ભારતનું હું એક ગામ છું. જે ભારત-તીર્થની યાત્રા કરવા તમે

નીકળ્યા છો તે હું જ છું. ભારતમાં મારા જેવાં લગભગ સાત લાખ ગામડાં છે. દેશની એંસી ટકા વસ્તી આ ગામડાંમાં જ વસે છે. સાચું હિંદ શહેરોમાં નહીં પણ આ ગામડાંમાં છે. પણ શહેરના લોકોએ ગ્રામવાસીઓની ઘોર ઉપેક્ષા કરી છે. ગ્રામવાસીઓના અન્ન પર તેઓ જીવે છે, એમના કપાસથી તેમનાં શરીર ઢંકાય છે, એમની મહેનત-મજૂરીથી તેમના મહેલો ઊભા થયા છે. બદલામાં શહેરીઓ ગ્રામવાસીઓને શું આપે છે? અજ્ઞાન, ગરીબી અને તિરસ્કાર! પોષણનો બદલો શોષણથી વાળે છે! બાપુ, શું અમારા ભાગ્યમાં આ જ બધું લખાયેલું છે?''

બાપુની ઊંઘ ઊડી ગઈ. સામે જ ગામડું દેખાતું હતું– ચિરકાલથી ઉપેક્ષિત અને તિરસ્કૃત ! બાપુ કહે: ''તને હું કેમ સમજાવું કે શહેરમાં રહેતાં છતાં મારું હૃદય તો ગામડામાં જ વસે છે? પણ હવે હું પોતે ગામડામાં જઈને રહીશ. ગામડાંની સાચી સેવા ગામડામાં રહીને જ થઈ શકે. ગામડાંની સેવા એ જ ભારતવર્ષની સેવા છે.''

આ યાત્રાએ બાપુની સામે ભારતવર્ષનું સાચું ચિત્ર આંક્યું. તેમણે જોયું કે રેંટિયાની ઉપેક્ષા કરી આપણે પરાધીન થતા જઈએ છીએ; હરિજનોની અવહેલના ને અપમાન કરી આપણે માણસાઈની કક્ષાથી નીચે ઊતરી રહ્યા છીએ. ધર્મને નામે પરસ્પર લડીને અને એકબીજાનો જાન લઈને આપણે પાપના ભાગીદાર બની રહ્યા છીએ. અને ગામડાંની ઉપેક્ષા કરીને તો આપણે માતાના દૂધને જ લજવી રહ્યા છીએ.

બાપુની એક વિશેષતા હતી. તેઓ જે કહેતા તે કરી પણ બતાવતા.

રેંટિયાનો એટલે કે ખાદીનો પ્રચાર કરવા માટે તેમણે આખા દેશમાં દૂર દૂરનો પ્રવાસ ખેડ્યો. લોકોને તેમણે સમજાવ્યું : ''જો આ દેશના અસંખ્ય બેકારોને તરત રાહત આપવી હોય અને આ કામ જો આપણે મૂડી વગર કરવું હોય, તો ખાદી સિવાય બીજો કોઈ




ઈલાજ નથી. ખાદી થોડા વખતમાં, અલ્પ સાધનોથી અને થોડી જગામાં તૈયાર થઈ શકે છે. તેથી એમાં કોઈને કોઈનું શોષણ કરવાની તક રહેતી નથી. વળી ખાદી આપણને હાથથી કામ કરતાં શીખવે છે. તે આપણને યાદ આપે છે કે પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે આપણે બીજાના મોં સામે જોવાની જરૂર નથી. આ જ વાત બીજા તમામ ગૃહઉદ્યોગોને પણ લાગુ પડે છે.

અછૂતો માટે બાપુએ જે કાંઈ કહ્યું તે તો જગજાહેર છે. તેમણે કહ્યું કે, જ્યારથી હિંદુ ધર્મે અસ્પૃશ્યતાને અપનાવી ત્યારથી જ તેનું પતન શરૂ થઈ ચૂક્યું છે. તેમણે વધુમાં વધુ ભાર દઈને કહ્યું કે, અસ્પૃશ્યતાને જો તરત નાબૂદ કરવામાં નહીં આવે તો હિંદુ કોમ ખતમ થઈ જશે. જો અસ્પૃશ્યતા જીવશે તો હિંદુ ધર્મ મરી જશે. બાપુએ એક વાર નહીં, અનેક વાર અછૂતો માટે પોતાના પ્રાણ હોડમાં મૂક્યા.

હિંદુમુસ્લિમ એકતા માટે બાપુએ શું નથી કર્યું? કોમી ભેદભાવ દૂર કરવા તેમણે પોતાની તમામ શક્તિ ખરચી નાખી. આ પ્રશ્ન ઉકેલવા ખાતર તેમણે અનેક વાર કઠણ ઉપવાસો આદર્યા, અને અંતે આ એકતા-યજ્ઞમાં પોતાના પ્રાણની આહુતિ અર્પી દીધી, પણ હાર ન માની.

ગામડાંની સેવા કરવા માટે બાપુ સેવાગ્રામ જઈને વસ્યા. તેમણે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી, સાદો ખોરાક ખાધો, જાડી ખાદી પહેરી અને માટીની ઝૂંપડીમાં રહ્યા. બાપુએ પોતાના સાથીઓને ગામડાંમાં મોકલ્યા અને ભારતનાં ગામડાં બાપુના સંદેશવાહકોનાં કાર્યોથી ગુંજવા લાગ્યાં. શ્રમની પ્રતિષ્ઠા થઈ તેથી ગ્રામલક્ષ્મી પાછી ગામોમાં આવવા લાગી.

એક નૂતન ભારત આકાર લેવા લાગ્યું.



## ૫. બાપુના પાંચ ડૉક્ટર

બાપુ ઓછામાં ઓછો ખોરાક લેતા, ઓછામાં ઓછી ઊંઘ લેતા અને ઓછામાં ઓછાં કપડાં પહેરતા. સ્વાદને તેમણે બહુ પહેલાં જ જીતી લીધો હતો. તેમનું ભોજન અત્યંત સાદું હતું અને દિવસમાં તેઓ પાંચથી વધારે વસ્તુઓ ખાતા નહોતા. આમાં મીઠાનો પણ સમાવેશ થઈ જતો. ઊંઘ તેમના બોલાવવાથી આવતી અને જેટલા સમયનું તેડું હોય તેટલા જ સમય માટે આવતી. હાડ ધ્રુજાવતી ઠંડીમાં પણ બાપુ ચાર વાગ્યે ઊઠતા. જરૂર હોય ત્યારે રાતના બે વાગ્યે પણ ઊઠી જાય અને પોતાનું કામ શરૂ કરી દે. બને ત્યાં સુધી બાપુ બહાર ખુલ્લામાં સૂએ. દાઢી કરતી વખતે પણ તેઓ સાબુ વાપરે નહીં. મુસાફરી ત્રીજા વર્ગમાં જ કરે અને માંદા પડે ત્યારે દવા



Acc. No. 130289
Date

લેવાની ઘસીને ના પાડે. સાડત્રીસ વર્ષની ઉંમરથી તે જીવનના અંતિમ શ્વાસ સુધી તેમણે બ્રહ્મચર્યનું કઠોર પાલન કર્યું.

બાપુ દેહને જેમ જેમ તપાવે તેમ તેમ તે વધુ ને વધુ દીપતો જાય. તેમના અંગ-પ્રત્યંગમાં બાળકોના જેવો ઉમંગ અને ઉત્સાહ હતો. હિંદના એક વાઈસરૉયે કહ્યું પણ હતું કે ગાંધી વૃદ્ધ છે છતાં તેમની ચામડીની કાન્તિ યુવાનો જેવી છે. બાપુનો દઢ વિશ્વાસ હતો કે તેઓ રોગશય્યા પર પટકાઈને લાચાર દશામાં કદી નહીં મરે. બાપુનું આ ઉત્તમ આરોગ્ય તેમના પાંચ ડૉક્ટરોને આભારી હતું. આ ડૉક્ટરો સદાસર્વદા તેમની સંભાળ રાખતા હતા. બાપુ પણ તેમને દિલથી ચાહતા. તેમની પ્રશંસામાં બાપુએ એક પુસ્તક પણ લખ્યું છે. નામ છે 'આરોગ્યની ચાવી'. બાપુનાં ઉત્તમ પુસ્તકોમાંનું આ એક છે. આ પુસ્તક પરથી જાણી શકાય છે કે બાપુ શરીરની તંદુરસ્તી ને સ્ફૂર્તિને કેટલું મહત્ત્વ આપતા હતા. તેઓ માનતા હતા કે સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન અને સ્વસ્થ આત્મા વસી શકે છે. બાપુ આ દેશને સ્વસ્થ વ્યક્તિઓના દેશ તરીકે જોવાની આશા સેવતા હતા. તેથી તેમણે ડૉક્ટરો પણ એવા પસંદ કર્યા કે જે સેવા તો સૌની કરે પણ ફી કોઈની પાસે ન લે.

બાપુનો પ્રથમ ડૉક્ટર હતો પાણી. પાણીમાં થાક ઉતારવાની અદ્ભુત શક્તિ રહેલી છે. સ્નાન કરીને આપણે કેવા તાજામાજા થઈ જઈએ છીએ! સ્નાન શરીરની અંદરની ગરમીને દૂર કરે છે. વિવિધ પ્રકારનાં સ્નાનોથી અનેક રોગો પણ મટાડી શકાય છે. ઠંડા અને ગરમ પાણીનાં કટિસ્નાન અનેક રોગોમાં લાભદાયક નીવડે છે. મરણપથારીએ પડેલા પોતાના દીકરાને બાપુએ આ જલ-ચિકિત્સાથી જ રોગના પંજામાંથી છોડાવ્યો હતો. ઘણાખરા રોગો પેટમાં ગંદકી ભેગી થઈ જવાથી થાય છે. તેની સાફસૂફી માટે પાણી કરતાં ચડિયાતો બીજો કોઈ ઉપાય નથી. દિવસમાં પૂરતા પ્રમાણમાં

પાણી પીવાથી અથવા ગરમ પાણીમાં લીંબુનો થોડોક રસ કે મધ લેવાથી પાચનક્રિયાને મદદ થાય છે અને પેટ સાફ રહે છે.

બાપુનો બીજો ડૉક્ટર હતો સ્વચ્છ માટી. માટીમાં અંદરના જૂના વિકારને જડમૂળથી નાબૂદ કરવાની અદ્‌ભુત શક્તિ છે. બાપુ રોજ પેટ પર એક કલાક ભીની માટી મૂકતા. આમ કરવાથી કબજિયાત દૂર થાય છે. આંખો દુખે ત્યારે આંખો પર બાપુ ભીની માટી મૂકતા. વીંછી કરડે ત્યારે પણ તેઓ માટીનો પ્રયોગ કરતા. ઘા પર તો માટીનો તેઓ છૂટથી ઉપયોગ કરતા.

બાપુનો ત્રીજો ડૉક્ટર હતા ઉપવાસ. જોકે તેમના ઘણાખરા ઉપવાસ આધ્યાત્મિક કારણોથી કરવામાં આવ્યા હતા, છતાં ઉપવાસનો શારીરિક લાભ પણ બાપુની દૃષ્ટિએ ઓછો ન હતો. ઘણા રોગો તો નિરર્થક વસ્તુઓ હોજરીમાં ઠાંસ્યા કરવાથી થાય છે. ઉપવાસથી શરીરના પાચનતંત્રને આરામ મળે છે. ઉપવાસ અંદરની સફાઈમાં મદદ કરે છે. સારું તો એ છે કે આપણે ખાવાપીવામાં જ સાવચેતી રાખીએ. ભૂખ લાગે ત્યારે જ અને સારી પેઠે મહેનત કર્યા પછી જ ખાવું જોઈએ. આવી કાળજી રાખ્યા પછી પણ જો કબજિયાત, લોહીનો ઘટાડો, તાવ, અપચો કે સાંધાનો દુખાવો થઈ આવે તો ઉપવાસથી તેને મટાડીએ.

બાપુનો ચોથો ડૉક્ટર હતો વ્યાયામ. વ્યાયામમાં બાપુને 'એક પંથ દો કાજ'વાળી નીતિ પસંદ હતી. એટલે કે વ્યાયામ તો થાય પણ સાથે સાથે કામ પણ થાય. પોતાના આશ્રમમાં તેઓ બહુ મોજથી ઘંટી ચલાવતા, રેંટિયો કાંતતા કે કાપડ વણતા. તક મળે ત્યારે કપડાં ધોતા, વાસણ માંજતા અને પાયખાનાં સાફ કરતા. ફરવાનું તેમને નાનપણથી જ પ્રિય હતું. લંડનમાં ભણતા હતા ત્યારે પણ દસબાર માઈલ રોજ ચાલતા. દક્ષિણ આફ્રિકામાં તો પચાસ પચાસ માઈલ સુધી ચાલી નાખતા. વૃદ્ધાવસ્થામાં પણ તેઓ ફરવાનું કદી ચૂકતા નહીં. તેઓ કહેતા, એક દિવસ ખાવાનું ન મળે તો ચાલે, ઊંઘ પણ

ઓછી મળે તો ચિંતા નહીં, પણ ફરવાનું ન મળે તો બીમારી આવી જ જાણો.

અને બાપુનો પાંચમો ને સૌથી મોટો ડૉક્ટર હતો रामनाम. સાચા હૃદયથી જપેલા રામનામને તેઓ બધા રોગનો રામબાણ ઉપાય માનતા હતા. જ્યારે તેમને દવા કે ઇંજેક્ષન લેવાની વાત કહેવામાં આવતી ત્યારે તેઓ કહેતા કે મારો ડૉક્ટર તો રામ છે. બીજી કોઈ દવાની મારે જરૂર નથી.

બધા સ્વીકારે છે કે મનુષ્ય કેવળ શરીર નથી. તેના તન સાથે તેનું મન પણ છે. મન સાથે તનનો ગાઢ સંબંધ છે. જો આપણી રોગમુક્ત થવાની ઇચ્છા હોય તો એ માટે આપણે પોતાના મનને પણ સ્વસ્થ કરીએ. આમાં રામનામ આપણને ઘણી મદદ કરી શકે છે. તે આપણને રોગનો શાંત ચિત્તે સામનો કરવાની અને તેને સહન કરવાની શક્તિ આપે છે.

બાપુએ પોતાની 'આત્મકથા'માં લખ્યું છે કે પાણી, માટી, ઇત્યાદિના ઘરગથ્થુ ઉપચારોથી એક હજારમાંથી નવસેંનવ્વાણું કેસ સારા થઈ શકે છે. ક્ષણે ક્ષણે વૈદ્ય, હકીમ અને દાકતરને ત્યાં દોડવાથી ને શરીરમાં જાતજાતનાં વસાણાં અને રસાયણો ભરવાથી મનુષ્ય પોતાનું જીવન ટૂંકું કરે છે, એટલું જ નહીં પણ પોતાના મન ઉપરનો કાબૂ પણ ખોઈ બેસે છે, તેથી મનુષ્યત્વ ખોઈ બેસે છે, અને શરીરનો સ્વામી રહેવાને બદલે શરીરનો ગુલામ બને છે.

તેથી જ બાપુને કુદરતી ઉપચાર બહુ પ્રિય હતા. (આ ઉપચાર અતિશય સસ્તા છે અને ગરીબમાં ગરીબને પણ સુલભ થઈ શકે છે. વળી તે બધી રીતે નિર્દોષ છે. (તેનાથી કદાચ ફાયદો ન થાય તોપણ કદી નુકસાન થવાનું નથી. આ રોગને થોડી વાર માટે શાંત કરવાને બદલે એને જડમૂળથી કાઢે છે. આવાં કારણોથી જ બાપુની દૃષ્ટિમાં દિવસે દિવસે કુદરતી ઉપચારનું મહત્ત્વ વધતું જ રહ્યું.)



## ૬. બાપુના છ સત્યાગ્રહ

બાપુ પ્રેમ અને દયાના સાગર હતા, પણ બૂરાઈ સામે લડવામાં અત્યંત કઠોર હતા. તેઓ જ્યાં જ્યાં અસત્ય, અન્યાય ને દમન જોતા ત્યાં ત્યાં તેની સામે લડવા તત્પર થઈ જતા. પણ લડવાની તેમની રીત તદ્દન જુદી હતી. તેઓ સત્ય અને અહિંસાના બળથી આ બૂરાઈઓ સામે ઝૂઝતા હતા. તેઓ કહેતા કે આપણું લક્ષ્ય વિરોધીને દબાવવાનું નહીં, પણ તેને ઊંચે ચડાવવાનું છે. તેથી આપણો માર્ગ પ્રેમનો અને મૈત્રીનો હોવો જોઈએ. બૂરાઈ સામે આપણે ઝૂઝશું, પણ બૂરાની સાથે બૂરા તો નહીં જ બનીએ. બૂરાને આપણે ભલો બનાવવાનો પ્રયત્ન કરીશું. આમ બૂરાઈને ભલાઈથી જીતવી એનું નામ સત્યાગ્રહ.

બાપુએ પોતાના જીવનમાં છ મુખ્ય સત્યાગ્રહ કર્યા.

### ૧. દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ: ૧૯૦૬-૧૯૧૪

સત્યાગ્રહનો આવિષ્કાર બાપુએ દક્ષિણ આફ્રિકામાં કર્યો. ત્યાં

૧૯૦૬માં બાપુએ પહેલી વાર સત્યાગ્રહનો ડંકો વગાડ્યો. આ ડંકાનો અવાજ જગતમાં એટલો સ્પષ્ટ પહેલાં કદી સંભળાયો નહોતો. તેમાં એવો તો લલકાર હતો કે ત્યાંનો અદનામાં અદનો હિંદી પણ ન્યાય અને સત્યને ખાતર ગમે તેવી કુરબાની કરવા તૈયાર થઈ ગયો.

આ સત્યાગ્રહ ત્યાંની સરકારના એવા કાયદાઓ સામે હતો જેને લીધે હિંદીઓનું ત્યાં રહેવાનું અશક્ય થઈ પડત. એક કાયદો એવો હતો કે દરેક હિંદીએ – પછી તે બાળક જ કેમ ન હોય – દર વર્ષે ત્રણ પાઉંડનો કર આપવો. બીજો કાયદો એવો હતો કે ભારતીય વિધિ પ્રમાણે થયેલાં બધાં લગ્નો ગેરકાયદેસર ગણાશે. માત્ર ખ્રિસ્તી વિધિ પ્રમાણે થયેલાં લગ્નો જ કાયદેસર ગણાશે. આવા બીજા પણ કેટલાક કાયદાઓ હતા.

બાપુએ પોતાની પૂરી શક્તિથી આ કાયદાઓનો વિરોધ કર્યો. દક્ષિણ આફ્રિકાના બધા જ હિંદીઓ તેમની નેતાગીરી હેઠળ એક થઈ ગયા. ત્યાગ, બલિદાન અને કષ્ટસહનની અપૂર્વ સરિતા વહેવા લાગી. ગોરી સરકારના દમનનો દોર શરૂ થયો. જેલો સત્યાગ્રહીઓથી ભરાઈ ગઈ. બહેનો પણ જેલમાં ગઈ. કેટલીક બહેનો સત્યાગ્રહની આ લડતમાં ખપી પણ ગઈ.

આ સત્યાગ્રહ ઘણો લાંબો ચાલ્યો. તેમાં ચડતીપડતી અને ભરતીઓટ પણ આવી. પણ સત્યના પ્રભાવ સામે અન્યાયને ટકવું મુશ્કેલ થઈ ગયું. ત્યાંની સરકારમાં હિંસાનો આશરો લેવાની ઇચ્છા મંદ પડવા લાગી અંતે સરકારે નમતું આપ્યું અને બાપુ સાથે માનભેર સમાધાન કરી લીધું. સત્ય ને અહિંસાનાં શસ્ત્રોથી બાપુએ પોતાનું પ્રથમ મહાયુદ્ધ જીતી લીધું.

## ૨. ચંપારણ સત્યાગ્રહ : ૧૯૧૭

ભારતમાં સત્યાગ્રહનાં પહેલાં છોડ બાપુએ બિહાર પ્રાંતના ચંપારણ જિલ્લામાં રોપ્યો. ત્યાંના ખેડૂતો જમીનના ૩/૨૦મા

ભાગમાં ગોરા માલિકોને સારુ ગળીનું વાવેતર કરવા કાયદાથી બંધાયેલા હતા. આમાં તેમને ઘણું નુકસાન વેઠવું પડતું હતું. પણ તેમાંથી બચવાનો તેમની પાસે કોઈ માર્ગ ન હતો. આવી સ્થિતિમાં ખેડૂતોએ બાપુને યાદ કર્યા. બાપુ ચંપારણ ગયા અને ખેડૂતોની ફરિયાદો અંગે તપાસ કરવા લાગ્યા. ત્યાંના કમિશનરે બાપુને ચંપારણ છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો, પણ બાપુએ ઘસીને ના પાડી. તેમણે કહ્યું: ''દુઃખી ખેડૂતોની મદદ કરવી એ મારો ધર્મ છે. હું ચંપારણ છોડવાનો નથી. કાનૂનનો ભંગ કરવા માટે મને જે સજા તમે આપવા ધારો તે આપી શકો છો.''

ન્યાયાધીશનું મોં પડી ગયું. તે કરી કરીને કઈ સજા બાપુને કરે? અંતે ગવર્નરના હુકમથી કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો, અને બાપુની તપાસ પૂરી થયા પછી ચંપારણના ખેડૂતો પર લગભગ સો વર્ષથી ચાલ્યા આવતા અન્યાય અને અત્યાચારનો અંત આવ્યો. ચંપારણના વિજયથી બિહારમાં જાગૃતિનો જુવાળ આવી ગયો ને બિહાર બાપુનો પ્રાન્ત કહેવાયો.

### ૩. અસહકાર આંદોલન : ૧૯૨૧-૧૯૨૨

પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવી ગયો હતો. આ યુદ્ધમાં હિંદે ઇંગ્લૅંડ માટે ઘણા ભોગ આપ્યા હતા. ઇંગ્લૅંડ પણ બદલામાં ઘણું ઘણું આપવાનું હિંદને વચન આપ્યું હતું. પણ છેવટે એણે આપ્યું રૉલેટ બિલ અને જલિયાંવાલા બાગનો ભીષણ હત્યાકાંડ ! બાપુએ દુઃખી થઈને કહ્યું : ''હવે આપણે અંગ્રેજો જોડે કોઈ પણ જાતનો સહકાર કરી ન શકીએ.''

છેવટે બાપુએ અસહકાર આંદોલનની ઘોષણા કરી અને પરિણામે હિંદનો સૂતેલો સિંહ જાગી ઊઠ્યો. 'મહાત્મા ગાંધીની જય !'ના નાદથી આકાશ ગાજી ઊઠ્યું. મોટાં મોટાં સરઘસો નીકળ્યાં. દેશ આખામાં હડતાળો પડી. વકીલોએ ધીકતી વકીલાત છોડી. સરકારી નોકરોએ પોતાના હોદ્દાઓ છોડ્યા. વિદ્યાર્થીઓએ સરકારી

નિશાળો અને કૉલેજો છોડી. ઠેર ઠેર વિદેશી કાપડની હોળી કરવામાં આવી. ભારતભરમાં સ્વદેશીનો મંત્ર ગુંજી ઊઠ્યો. હિંદુમુસ્લિમ એકતાનો નવો યુગ શરૂ થયો. વિદેશી સત્તાના અન્યાય ને અત્યાચારનો જનતાએ સખત વિરોધ કર્યો.

સરકાર પણ કઠોર બની. તેના દમનનો કોરડો વીંઝાવા લાગ્યો. ઘોડેસવારોની ટુકડીએ નિઃશસ્ત્ર ટોળાં પર આક્રમણ કર્યું. ઘણા નિર્દોષોનું લોહી રેડાયું. પચાસ હજારથીયે વધુ હિંદીઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા. દેશના દુર્ભાગ્યે ચૌરીચૌરા નામના ગામમાં ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસચોકીને આગ ચાંપી અને કેટલાક પોલીસોને મારી નાખ્યા.

બાપુ આ હિંસાથી બહુ દુઃખી થઈ ગયા. તેમને થયું કે અહિંસાના સંદેશને લોકો પચાવી શક્યા નથી. તેમણે સત્યાગ્રહ સ્થગિત કરી દીધો. પણ લોકોને આ ગમ્યું નહીં. તેઓ બાપુ ઉપર નારાજ પણ થયા. છતાં બાપુએ દૃઢતાથી કહ્યું, ''સ્વરાજ્યને ખાતર હું સત્યનો સોદો કદી નહીં કરું.''

### ૪. બારડોલી સત્યાગ્રહ : ૧૯૨૮

ગુજરાતના બારડોલી જિલ્લામાં સરકારે જમીનનું મહેસૂલ એકદમ પચીસથી ત્રીસ ટકા વધારી દીધું. સરકારની આ નીતિનો ખેડૂતોએ વિરોધ કર્યો. તેઓ પોતાના નેતા વલ્લભભાઈ પટેલ પાસે ગયા. વલ્લભભાઈને ખેડૂતોની વાત સાચી લાગી. બાપુના આશીર્વાદ લઈ તેમણે સત્યાગ્રહ શરૂ કર્યો. અભણ ખેડૂતોએ મહેસૂલ આપવાની ઘસીને ના પાડી. સરકારે તેમને દબાવવા ને નમાવવા માટે જોરદાર પ્રયત્નો શરૂ કર્યા. તેમની જમીનો અને માલમિલકત પાણીના મૂલે વેચી નાખી. ઘણા ખેડૂતોને લાંબી કેદની સજા ફટકારી. પણ તેઓ ડગ્યા નહીં. કોઈ જાતની હિંસા પણ તેમણે કરી નહીં. ખેડૂતોની આ શિસ્તથી બાપુ ખૂબ રાજી થયા.

છેવટે સરકારને નમવું પડ્યું. મહેસૂલ-વધારો ઘટાડીને પાંચ ટકા

કરી નાખવામાં આવ્યો. ખેડૂતોને તેમની જમીનો કે મિલકત પરત કરવામાં આવી. સત્યાગ્રહીઓને જેલમુક્ત કરવામાં આવ્યા. ભારતનાં બાળકોના મોઢે પણ સરદાર પટેલનું નામ બોલાવા લાગ્યું. અને પછી તો દેશના લોકો વિચારવા લાગ્યા કે આખા દેશને બારડોલી કેમ બનાવી શકાય.

### ૫. મીઠાનો સત્યાગ્રહ : ૧૯૩૦

૧૯૩૦ના આરંભમાં બાપુએ વાઈસરૉયને વીનવ્યા કે તેઓ મીઠા ઉપરથી કર ઉઠાવી લે. પણ વાઈસરૉયે આનો કોઈ ઉત્તર ન આપ્યો, ત્યારે બાપુને લાગ્યું કે મીઠાના કાયદાનો ભંગ કરવો જોઈએ. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે બાપુ પોતાના ૭૮ શિષ્યોને લઈને સાબરમતી આશ્રમથી સમુદ્રની દિશામાં ચાલી નીકળ્યા. બાપુની આ કૂચ દાંડીકૂચને નામે પ્રખ્યાત થઈ. આથી સમગ્ર ભારતનું ધ્યાન તેમના પર કેન્દ્રિત થયું. એપ્રિલની પાંચમી તારીખે તેઓ દાંડી પહોંચ્યા. પ્રથમ બાપુએ ઈશ્વરની પ્રાર્થના કરી. પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો. ત્યાર પછી જે ધડાકો થયો તેનાથી આખો દેશ હાલી ઊઠ્યો. 'મીઠું' એ શબ્દમાં કાંઈક જાદુઈ અસર પેદા થઈ. ઠેર ઠેર મીઠું પકવવામાં આવ્યું. આ આંદોલનમાં



વિદેશી કાપડનો બહિષ્કાર અને દારૂનાં પીઠાં આગળ પિકેટિંગનો પણ સમાવેશ કરાયો હતો. આ કામ બાપુએ ખાસ કરીને સ્ત્રીઓને સોંપ્યું. તેથી સ્ત્રીઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. દેશની સ્ત્રીઓએ આંદોલનમાં સહભાગી બની પુરુષો સાથે ખભેખભા મિલાવી કદમ ઉઠાવ્યાં હોય એવો આ પહેલો જ અવસર હતો.

આંદોલન ઝડપી ગતિએ વધવા લાગ્યું. જોતજોતામાં તેણે વિરાટ રૂપ ધારણ કરી લીધું. બાપુને પકડવામાં આવ્યા. આ ઘટનાએ સત્યાગ્રહના અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું. એક સ્થળે બે લશ્કરી ટુકડીઓએ નિઃશસ્ત્ર પ્રજા પર ગોળી છોડવાની ના પાડી. દેશની સમગ્ર જનતામાં આવો ઉત્સાહ અને પ્રેરણા જગાડવાની બાપુની આ શક્તિ જોઈને આખી દુનિયા ચકિત થઈ ગઈ. અંતે બ્રિટિશ સરકારે લંડન ખાતે ગોળમેજી પરિષદ બોલાવી અને તેમાં બાપુને આમંત્રણ આપ્યું.

**૬. ઑગસ્ટની ક્રાંતિ : ૧૯૪૨**

બીજું વિશ્વયુદ્ધ પુરજોસમાં ચાલતું હતું. યુરોપના યુદ્ધમાં ભારત હોળીનું નાળિયેર બન્યું. આથી દેશમાં તીવ્ર અસંતોષ જાગ્યો. લોકો આઝાદી માટે અધીરા થઈ ગયા. ત્યારે બાપુએ દેશનું સુકાન પોતાના હાથમાં લીધું. ૧૯૪૨ના ઑગસ્ટ માસની ૮મી તારીખે મુંબઈમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. તેમાં બાપુએ બુલંદ અવાજે બ્રિટિશ રાજ સામે 'હિંદ છોડો'નો પડકાર ફેંક્યો. લોકોને કહ્યું, ''આપણે આપણી મજલના આખરી તબક્કે આવી પહોંચ્યા છીએ. હવે પીછેહઠ નહીં કરીએ.'' જનતામાં વીજળીનો ઝબકારો પસાર થઈ ગયો. દેશમાં 'કરેંગે યા મરેંગે'ના યુગનો આરંભ થઈ ગયો.

આનો જવાબ સરકારે નેતાઓની એકસામટી ધરપકડ કરીને આપ્યો. દેશ આખામાં આગ ભડકી ઊઠી. દરેક મોટા શહેરમાં સામૂહિક દેખાવો થવા લાગ્યા. વિદ્યાર્થીઓ અને મજૂરોની,



દુકાનદારો અને ગૃહિણીઓની ટુકડીઓ રાષ્ટ્રગીત ગાતી ગાતી બહાર નીકળી પડી. વિરોધસભાઓ, સરઘસો અને ધરપકડો સામાન્ય વસ્તુ થઈ પડી. તીડની જેમ પોલીસ સત્યાગ્રહીઓ પર તૂટી પડવા લાગી. શરૂના બેચાર દિવસોમાં પોલીસના ગોળીબારથી લગભગ છસો માણસો માર્યા ગયા. સરકારનું દમન વધ્યું તેની સાથે આંદોલન પણ જોર પકડવા લાગ્યું. હિંસાએ હિંસાને જન્મ આપ્યો. ભાંગફોડ અને આગ ચાંપવાના બનાવો બનવા લાગ્યા. શાસન જેવું કાંઈ રહ્યું જ નહીં. એક રીતે આ ૧૮૫૭ના વિપ્લવનો જ બીજો અધ્યાય હતો.

બાપુની વાણી સાચી ઠરી. 'હિંદ છોડો'ના ઘોષને પાંચ વરસ પણ ન થયાં ત્યાં તો ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે અંગ્રેજોને ભારત છોડી ચાલ્યા જવું પડ્યું. થોડા જ વખતમાં આ ઘોષ પણ પુરાણો બની ગયો અને તેનું સ્થાન 'એશિયા છોડો'ના ઘોષે લઈ લીધું.

ચમત્કારનો યુગ હવે પૂરો થયો એમ મનાય છે. પરંતુ બાપુએ

સત્યાગ્રહ આંદોલન વડે જે રીતે આટલા મોટા દેશને આઝાદી અપાવી, તે એક ચમત્કાર જ કહેવાય. સત્યાગ્રહ દ્વારા બાપુએ શૂરવીરતાની એક નવી પરંપરા સ્થાપી. તેમણે ભારતમાં અંગ્રેજોનું રહેવું અશક્ય બનાવી મૂક્યું. તેમણે રાજકીય જીવનના નૈતિક સ્તરને ઊંચો ચડાવ્યો અને આપણને શીખવ્યું કે દુશ્મન ગમે તેવો બળવાન હોય, છતાં નિ:શસ્ત્ર રહીને પણ આપણે તેનો સામનો કરી શકીએ, એટલું જ નહીં દુશ્મન ઉપર વિજય પણ મેળવી શકીએ.

આજે સત્યાગ્રહનો પડઘો યુરોપ અને અમેરિકામાં પણ સંભળાય છે. નિ:શસ્ત્રીકરણનો અવાજ આજે બુલંદ થવા લાગ્યો છે. જગતના બધા જ દેશોને હવે લાગવા માંડ્યું છે કે હિંસાનાં દ્વાર હંમેશને માટે બંધ કરી દેવાં જોઈએ અને તેને મજબૂત તાળાં મારી દેવાં જોઈએ.

સત્યાગ્રહ એ બાપુની વિશ્વને સૌથી મોટી ભેટ છે.



## ૭. બાપુનાં સાત રૂપ

'जाकी रही भावना जैसी, प्रभुमूरत देखी तिन तैसी' -

રામ વિષે લખાયેલી તુલસીદાસજીની આ ચોપાઈ રામના અનન્ય ઉપાસક બાપુને પણ લાગુ પડે છે. બાપુનું જીવન શતદલ કમળ જેવું હતું. વાત એ છે કે બાપુને જીવનમાં સાચો રસ હતો. માનવીજીવનને અનેક પાસાં છે, અને તેથી બાપુના વ્યક્તિત્વનાં પણ ઘણાં પાસાં હતાં. બાપુ ઇંદ્રધનુષી વ્યક્તિત્વના સ્વામી હતા. તેમના આભા-મંડળમાંથી સાતનું ચિત્રણ અહીં કરવામાં આવ્યું છે :

**૧. સંત :** બાપુ એમના અંતરતમમાં સંત હતા. સત્યની શોધ એ જ તેમના જીવનનું લક્ષ્ય હતું. અહિંસા તેમની રગેરગમાં સમાઈ ગઈ

હતી. કર્મ એ જ તેમનો યોગ હતો. ગીતાવચન પ્રમાણે બાપુએ નિષ્કામ કર્મ જ સદા કર્યાં. પ્રાર્થના અને ઉપવાસથી તેઓ પોતાને નિર્મળ અને શુદ્ધ બનાવતા. અંતરાત્માનો અવાજ સાંભળવા તેઓ નિરંતર સાબદા રહેતા. આને પરિણામે બાપુ આવા બધા ગુણોની જીવંત પ્રતિમા બની ગયા. જેને સમગ્ર જગત સૌથી વધુ માન આપતું આવ્યું છે તે ગુણો છે। નિર્ભયતા, વિનમ્રતા, સાદાઈ, પરોપકાર અને ચારિત્ર્યનિષ્ઠા. બીજા લોકો જેમ સત્તા ને સંપત્તિ માટે ઝાવાં નાખે છે તેમ બાપુએ પૂર્ણતા માટે પ્રયાસ કર્યો.

બાપુ અનંત શક્તિઓ ધરાવતા જ્યોતિર્મય પુરુષ હતા. તેઓ સદા ઈશ્વરમાં લીન રહેતા અને તેમના દુર્બળ શરીરમાં શક્તિશાળી આત્માનો વાસ હતો. વિશ્વ આજે બુદ્ધ અને ઈશુ ખ્રિસ્ત સાથે તેમનું સ્મરણ કરે છે. પંડિત નેહરુના શબ્દોમાં: ''તેઓ જ્યાં બેસતા ત્યાં મંદિર બની જતું અને જે ભૂમિ પર તેઓ ચાલતા તે ભૂમિ તીર્થ બની જતી.''

૨. **ક્રાંતિકારી :** બાપુ આ દેશમાં એક જબરદસ્ત ઝંઝાવાતની જેમ આવ્યા. તેમના આવતાંની સાથે જ ન્યાતજાતની અને છૂત-અછૂતની દીવાલો તૂટવા લાગી. સ્ત્રીઓની સ્થિતિમાં અણધાર્યો સુધારો થયો. ખાદી, ગ્રામોદ્યોગ ને દારૂબંધીનું કામ પુરજોસમાં ચાલવા માંડ્યું. 'નવી તાલીમ'ની શાળાઓ ઊઘડવા લાગી. ખાનપાન, રહેણીકરણી, વેશભૂષા, આચારવિચાર – જીવનની દરેક બાબત પર બાપુનો વિપુલ પ્રભાવ પડ્યો. જીવનના દરેક ક્ષેત્રમાં તેમણે આપણને જાગ્રત કર્યા. કૉંગ્રેસમાં તેમણે નવું ચેતન પૂર્યું અને પોતાના જાદુઈ સ્પર્શથી આ વૃદ્ધ દેશને જુવાન ને શક્તિશાળી બનાવી દીધો. તેથી જ તો બાપુનો યુગ 'ગાંધીયુગ'ના નામે ઓળખાયો.

પણ તેમણે સૌથી મહાન ક્રાંતિકારી પરિવર્તન આણ્યું તે તો યુદ્ધક્ષેત્રમાં. યુદ્ધમાં થતા રક્તપાતને તેમણે અર્ધો કરી નાખ્યો.

દુનિયાના સેનાપતિઓ સતત એ જ વિચાર કરતા હોય છે કે યુદ્ધને વધારેમાં વધારે ખૂનખાર ને લોહિયાળ કેમ બનાવી શકાય, જ્યારે બાપુએ વિચાર્યું કે યુદ્ધને ઓછામાં ઓછું ખૂનખાર કેમ બનાવી શકાય.

**૩. કર્મયોગી :** બાપુની કર્મઠતા ગજબની હતી. તેઓ બારે માસ અને ત્રીસે દિવસ કામમાં મચ્યા રહેતા. મિનિટેમિનિટનો હિસાબ રાખતા. પોતાની આ વિશેષતાને લીધે જ બાપુ આટલાં મોટાં મોટાં કાર્યો કરી શક્યા. તેમનામાં એક બીજી ખૂબી પણ હતી. તેઓ બીજા લોકોમાં પણ કર્મ પ્રત્યે ઉત્સાહ જગાવી શકતા હતા. ભારતમાં તેમનું આગમન થયું તે પૂર્વે આ દેશ આળસના ઘેનમાં પડ્યો હતો. થોડાઘણા લોકો એવા જરૂર હતા જે આઝાદી માટે કંઈક કરવા માગતા હતા, પણ શું કરવું એ તેમને સૂઝતું નહોતું. બાપુએ તેમને કહ્યું: "'રેંટિયો કાંતો. રેંટિયો પસંદ ન હોય તો સત્યાગ્રહ કરો. કંઈક સમાજસેવાનું કામ પણ સાથે સાથે કરો. દારૂબંધીનું કામ ઉપાડી લો. હરિજનોની સેવામાં ભાગ લો. રાષ્ટ્રભાષાનો પ્રચાર કરો અથવા 'નવી તાલીમ'ની શાળાઓ શરૂ કરો. પણ કંઈક ને કંઈક કરો જરૂર.)' અને એ તો બાપુનો સ્વભાવ જ હતો કે પોતે જે ન કરતા હોય એવું કોઈ કામ બીજાને ન બતાવવું. તેમણે કર્યું પહેલાં અને કહ્યું પછી.

**૪. રાજનીતિજ્ઞ :** બાપુ દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારથી લઈને તે છેક મૃત્યુ સુધી આ દેશના સર્વોપરી નેતા રહ્યા. લૉઈડ જૉર્જે એક વાર કહ્યું હતું કે, મહાત્મા ગાંધી વર્તમાન યુગના સૌથી કુશળ ને બાહોશ રાજનીતિજ્ઞ છે. કાનૂનના ક્ષેત્રમાં બાપુની પ્રતિભા અસાધારણ હતી. તેમની રાજનૈતિક સૂઝ તો વિસ્મયકારી હતી. કૉંગ્રેસ ઉપર તેમનું સંપૂર્ણ પ્રભુત્વ હતું. રાજરમતના પાકા ખેલાડી એવા અંગ્રેજ પણ બાપુથી ગભરાતા હતા. તેમના અંતર્મનમાં કાંઈક એવી શક્તિ હતી જેને કારણે તેઓ ઘણે દૂર સુધી સ્પષ્ટ જોઈ શકતા

હતા, અને તેથી જ તો પંડિત મોતીલાલ નેહરુ અને ચિત્તરંજન દાસ જેવા ઉચ્ચ કોટીના રાજપુરુષો પણ બાપુના અનુયાયી બની ગયા હતા.

વળી બાપુની રાજનીતિ પણ કાંઈક અનેરી હતી. તે ચાણક્યની રાજનીતિ નહોતી. તેમાં અસત્ય, દગો, ષડ્યંત્ર, છળકપટ, દ્વેષ આદિને કોઈ સ્થાન ન હતું. બાપુએ સાબિત કરી આપ્યું કે રાજનીતિની ધમાલ ને ઘોંઘાટમાંયે સચ્ચાઈ, પ્રેમ અને પ્રામાણિકતાથી વર્તી શકાય છે. બંગાળના એક ગર્વનરે કહ્યું હતું: ''ગાંધી સંતોમાં રાજનીતિજ્ઞ છે અને રાજનીતિજ્ઞોમાં સંત છે.''

**૫. વૈજ્ઞાનિક :** બાપુએ પોતાની આત્મકથાનું નામ રાખ્યું છે 'સત્યના પ્રયોગો'. બાપુ જીવનભર સત્યના પ્રયોગો કરતા રહ્યા. બાપુનો આત્મા એ તેમની પ્રયોગશાળા હતી. જેને લઈને પ્રયોગો કરવામાં આવ્યા તે હતું સત્ય. અને આ પ્રયોગોમાં તેમનાં સાધનો હતાં અભય, અપરિગ્રહ, બ્રહ્મચર્યાદિ વ્રતો. બાપુ એક વૈજ્ઞાનિકની નિષ્ઠાથી આજીવન આ પ્રયોગો કરતા રહ્યા. પોતાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેમણે હિંસાની સામે અહિંસાના જે પ્રયોગો કર્યા તેનો જોટો જગતના ઇતિહાસમાં શોધ્યો જડે એમ નથી.

પણ બાપુમાં અને બીજા વૈજ્ઞાનિકોમાં એક મોટો ભેદ છે. બીજા વૈજ્ઞાનિકો પ્રકૃતિ પરનો કાબૂ મેળવવાના ઉપાયો શોધવામાં મશગૂલ રહે છે, જ્યારે બાપુ આત્મનિયંત્રણના ઉપાયો શોધવામાં તલ્લીન રહેતા. આપણે જો આત્મનિયંત્રણનો માર્ગ ન જાણીએ તો વિજ્ઞાનની કીમતી બક્ષિસોને વ્યર્થ વેડફી નાખશું.

**૬. પત્રકાર :** પત્રકાર તરીકેની પોતાની પચાસ વરસની કારકિર્દીમાં બાપુએ અનેક સાપ્તાહિકોનું સંપાદન અને પ્રકાશન કર્યું. દક્ષિણ આફ્રિકામાં તેમણે 'ઇન્ડિયન ઓપીનિયન' નામનું છાપું વરસો સુધી ચલાવ્યું. ત્યાંના હિંદીઓની સત્યાગ્રહની લડતમાં આ છાપાની સહાય કાંઈ નાનીસૂની નહોતી. ભારત આવ્યા પછી

આ જ કામ તેમણે વ્યાપક પાયા પર કર્યું. 'નવજીવન', 'યંગ ઈન્ડિયા' અને 'હરિજન' વગેરે સાપ્તાહિકો તેમણે આદર્શ રીતે ચલાવ્યાં. ભારતના અસંખ્ય લોકોમાં આ પત્રોએ નવી પ્રેરણા અને નવા પ્રાણ પૂર્યાં. વિદેશોમાં પણ આ સાપ્તાહિકોનો બહોળો વાચકવર્ગ હતો. જાહેરખબરો તો કોઈ પણ કિંમતે આ પત્રોમાં છાપવામાં નહોતી આવતી. પોતાનાં સાપ્તાહિકો માટે બાપુ લખાણો તો લખતા જ, પણ જરૂર પડ્યે અનુવાદનું કાર્ય પણ પોતે કરતા. બાપુને એ વાતનું હંમેશ ગૌરવ હતું કે તેમના કોઈ પણ પત્રનો એક પણ અંક પ્રગટ થવામાં કદી મોડો નથી પડ્યો - પછી ભલે તેઓ દેશમાં લાંબો પ્રવાસ ખેડતા હોય કે વિદેશમાં! આ બધાં પત્રો દ્વારા બાપુએ સમાજ આગળ સ્વસ્થ, પ્રેરક ને ઉજ્જવળ પત્રકારત્વનું એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું.

**૭. રાષ્ટ્રભાષા-પ્રચારક :** બાપુ હિંદીના ભગીરથ હતા. હિંદી તેમની માતૃભાષા નહોતી, પણ બાપુ કરતાં હિંદીનો મોટો સમર્થક ભારતમાં બીજો કોઈ ન હતો. રાષ્ટ્રભાષા-પ્રચારને તેમણે રાષ્ટ્રીય કાર્યક્રમનું એક અંગ બનાવી દીધું. તેથી હિંદીની સેવા દેશની સેવા બની ગઈ. ભારતને ખૂણે ખૂણેથી એવા અનેક યુવાનો નીકળી પડ્યા કે જેમણે પોતાનું સંપૂર્ણ જીવન હિંદી-પ્રચારમાં અર્પી દીધું. દક્ષિણ ભારતમાં બાપુએ હિંદીના પ્રચાર માટે જે પ્રયાસ કર્યો તે આશ્ચર્ય પમાડે એવો છે. એકલા બાપુને કારણે હિંદીને જે ગૌરવ અને પ્રોત્સાહન મળ્યું, તે બીજા કોઈના પ્રયત્નથી ન મળ્યું. પણ બાપુ ક્લિષ્ટ હિંદીના સમર્થક ન હતા. જેને આપણે બુનિયાદી હિંદી કહી શકીએ એવી હિંદીને તેઓ પસંદ કરતા હતા - જે સરળ હોય, સજીવ હોય અને જેમાં કોઈ પણ જાતની બનાવટ કે કૃત્રિમતા ન હોય. આવી ભાષાને તેઓ હિંદુસ્તાની કહેતા હતા. તેમનાં પ્રાર્થના-પ્રવચનો આવી જ હિંદીમાં અપાતાં હતાં.

આમ બાપુ એકીસાથે સંત, ક્રાંતિકારી, કર્મયોગી, રાજનીતિજ્ઞ, વૈજ્ઞાનિક, પત્રકાર અને રાષ્ટ્રભાષા-પ્રચારક હતા. ક્યારેક એમનું એક રૂપ વિશેષરૂપે બાહાર તરી આવતું તો ક્યારેક બીજું. આમાંથી બાપુનું કયું રૂપ વધુ મોહક હતું, એ વિષે કશા નિર્ણય પર પહોંચવું મુશ્કેલ છે. આ બધાં રૂપોએ મળીને બાપુમાં એક અપૂર્વ સમતા પ્રગટાવી હતી. આ સંતુલિત પ્રતિભાએ જ આપણા દેશને એક એવો મહામાનવ આપ્યો, જે આપણા દેશ પૂરતો જ મર્યાદિત ન રહેતાં સમગ્ર વિશ્વનો બની ગયો.



## ૮. બાપુની યાત્રાના આઠ પડાવ

બાપુની જીવનયાત્રાનો पहेलो पडाव બનવાનું સૌભાગ્ય સાંપડ્યું पोरबंदरने. આ જ નગરીની કૂખે બાપુનો જન્મ થયો। અહીં જ બાપુ પોતાની વત્સલ માતા પાસે ધર્મપરાયણતા શીખ્યા. અહીં જ તેઓ માતાપિતાની સેવા કરતાં શીખ્યા. અહીં જ કસ્તૂરબા સાથે તેમનાં લગ્ન થયાં. ગુજરાતીઓની સ્વાભાવિક નમ્રતા, મિલનસારપણું, કરકસર વગેરે ગુણો પણ તેમને અહીં જ વારસામાં મળ્યા. તેમનો શરૂઆતનો કાઠિયાવાડી અંગરખા અને પાઘડીનો પહેરવેશ પણ તેમને અહીંથી જ જડ્યો. આ પોશાક તો આગળ જતાં છોડી દીધો.

પણ અહીંથી એક રત્ન તેમને મળ્યું જે જીવનપર્યંત તેમની સાથે રહ્યું. તે રત્ન હતું રંભા દાઈએ આપેલું रामनाम.

પોરબંદરથી લંડન બહુ લાંબી મજલ કહેવાય. બાપુ અઢાર વરસની ઉંમરે કાયદાનો અભ્યાસ કરવા લંડન ગયા. લંડનમાં તેઓ લગભગ ત્રણ વરસ રહ્યા. ત્યાંના વસવાટ દરમિયાન તેઓ અંગ્રેજ પ્રજાના નિકટ પરિચયમાં આવ્યા. તે પ્રજાના ગુણદોષ તેમના ધ્યાનમાં આવ્યા. દોષોથી દૂર રહ્યા; ગુણોને જીવનમાં ઉતારી લીધા. અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું. કાયદાની પરીક્ષા પાસ કરી: બૅરિસ્ટર પણ થયા. નિરામિષ આહાર પર તેમની દૃઢ આસ્થા લંડનમાં જ જામી. ગીતાનો પ્રથમ સાચો પરિચય પણ તેમને ત્યાં જ થયો. પોરબંદરમાં તેમને રામનામ મળ્યું તો લંડનમાં गीता મળી. આ બંનેનો બાપુના જીવન પર ઘેરો પ્રભાવ પડ્યો.

બાપુની જીવનયાત્રાનો પહેલો પડાવ હતો ભારત, बीजो इंग्लंड, તો त्रीजो आफ्रिका. આફ્રિકાથી જ તેમના સાર્વજનિક જીવનનો આરંભ થયો. અહીં જ તેમની વકીલાત જામી અને અહીં જ તેમણે વકીલાત છોડી. અહીં જ પોતાના જીવનમાં તેમણે ધરમૂળથી ફેરફારો કર્યા. બ્રહ્મચર્ય અને અપરિગ્રહનાં કઠણ વ્રતો લીધાં. અહીં જ તેમને જેલનો પ્રથમ અનુભવ થયો. પોતાનો પ્રથમ આશ્રમ પણ તેમણે અહીં જ સ્થાપ્યો અને પોતાનું પહેલું છાપું 'ઇન્ડિયન ઓપીનિયન' પણ તેમણે અહીં જ કાઢ્યું. અહીં જ તેમણે ટૉલ્સ્ટૉય, રસ્કિન અને થૉરોના વિચારોમાંથી પ્રેરણા લીધી અને અહીં જ બાઇબલના ગિરિપ્રવચને તેમના મનને મુગ્ધ કર્યું. અહીં જ તેઓ હિંદીઓને સંગઠિત કરી અંગ્રેજો સામેની પહેલી અને અનેરી લડાઈ લડ્યા. જે શસ્ત્રને બળે તેઓ આ લડાઈ લડ્યા તે હતું सत्याग्रह.

પોરબંદરમાં બાપુને રામનામ, લંડનમાં ગીતા અને દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ મળ્યો. સત્યાગ્રહની શોધ બાપુએ દક્ષિણ આફ્રિકામાં જ કરી હતી.

દક્ષિણ આફ્રિકા : સત્યાગ્રહ



બાપુની જીવનયાત્રાનો चोथो पडाव બન્યાં साबरमता आश्रम. દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા તે પછી સાબરમતી આશ્રમને જ તેમણે પોતાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું. અહીં બેસીને જ તેમણે દેશવાસીઓના જીવનમાં શ્રમની પ્રતિષ્ઠા વધારવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. અહીંથી જ તેમણે અસ્પૃશ્યોના જીવનમાં આશાનો સંચાર કર્યો. અહીં બેસીને જ બાપુએ પોતાનાં જગવિખ્યાત સાપ્તાહિકો ચલાવ્યાં. અહીંથી જ તેમણે બારડોલી સત્યાગ્રહનું સંચાલન કર્યું. 'સત્યના પ્રયોગો' રૂપે પોતાની આત્મકથા પણ તેમણે અહીં લખી. અને આ જ આશ્રમમાંથી તેમણે પોતાની સુવિખ્યાત દાંડીયાત્રાનો આરંભ કર્યો.

પોરબંદરમાં રામનામ, લંડનમાં ગીતા અને દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ મળ્યો. સાબરમતીમાં બાપુને શું મળ્યું?

રેંટિયો. અહીંથી જ ખાદીપ્રચાર બાપુના જીવનનું મહત્ત્વનું અંગ બન્યો. 'તિરંગો' ઝંડો જો ઇંગ્લૅંડની રાજનૈતિક ગુલામીમાંથી મુક્તિ મેળવવાનું પ્રતીક હતો, તો રેંટિયો ઇંગ્લૅંડની આર્થિક ગુલામીમાંથી મુક્તિ મેળવવાનો કોલ હતો.



સાબરમતી આશ્રમ : રેંટિયો

બાપુના જીવનની ભવ્ય ઇમારતના આ ચાર આધારસ્તંભો છે: रामनाम, गीता, सत्याग्रह અને रेंटियो. પહેલા બે તેમને આ દેશ પાસેથી મળ્યા; છેલ્લા બે તેમણે આ દેશને આપ્યા.

सेवाग्राम બાપુનો पांचमो पडाव બન્યું. ત્યાં પહોંચવા માટે કોઈ સડક નહોતી; નહોતી ત્યાં કોઈ પોસ્ટઑફિસ કે નહોતી ત્યાં વીજળી. પણ બાપુના આગમનની સાથે જ એ ભારતનું પાટનગર બની ગયું ! જ્યાં રામ ત્યાં અયોધ્યા. દેશના મોટા મોટા નેતાઓની અવરજવર શરૂ થઈ ગઈ. ત્યાંથી જ કૉંગ્રેસનું સંચાલન થવા માંડ્યું. સાથે સાથે સેવાગ્રામ બાપુની રચનાત્મક પ્રવૃત્તિનું કેન્દ્ર પણ બની ગયું. ત્યાં રહીને બાપુ ચરખા સંઘ, ગ્રામોદ્યોગ સંઘ, હરિજન સેવક સંઘ, તાલીમ સંઘ વગેરે સંસ્થાઓને પોતાનો વધુમાં વધુ સમય આપવા લાગ્યા. સેવાગ્રામથી જ તેમણે દેશને 'બુનિયાદી તાલીમ'નો મંત્ર આપ્યો. એક રીતે તો આ આશ્રમ જ બાપુનું ઘર બની ગયો. ત્યાં તેઓ રોગીઓની સેવા-શુશ્રૂષા કરતા, કુદરતી ઉપચારના પ્રયોગો કરતા અને પોતાના શિષ્યોના અનેક નાનામોટા કોયડાઓનો ઉકેલ લાવતા. સેવાગ્રામમાં બાપુ લગભગ પંદર વરસ રહ્યા.

नोआखाली બાપુની જીવનયાત્રાનો छठ्ठो पडाव બન્યો. આઝાદી આવી તે પહેલાં ખાસ કરીને પંજાબ અને બંગાળમાં કોમી

રમખાણોની આગ ભભૂકી ઊઠી. પૂર્વ બંગાળના નોઆખાલી જિલ્લામાં હિંદુઓ પર સંખ્યાબંધ હુમલા થયા. પશુતા તાંડવ કરવા લાગી. આ બધું જોઈ, વૃદ્ધ અને અશક્ત બાપુ પોતાનાં બધાં કામ છોડીને હિંદુ-મુસ્લિમોને ભાઈચારાનો પાઠ શીખવવા નોઆખાલી ગયા. જે લોકોએ કતલો કરી હતી અને જે લોકોનાં સગાંવહાલાંઓ મરાયાં હતાં તેમની વચ્ચે મહિનાઓ સુધી બાપુ રહ્યા. તેમની જ ઝૂંપડીઓમાં તે રહ્યા, ત્યાં જ જમ્યા અને તે લોકોની જેમ જ પગપાળા ફર્યા. લોકો ઉપર બાપુની આ યાત્રાનો ચમત્કારી પ્રભાવ પડ્યો. તોફાનો શાંત થયાં. જે ગામોમાં ગુંડારાજ જામી ગયું હતું ત્યાં નવેસરથી જીવન ધબકવા લાગ્યું. બાપુની અહિંસાની નોઆખાલીમાં કઠણમાં કઠણ અગ્નિપરીક્ષા થઈ અને તે પરીક્ષામાં બાપુ અણિશુદ્ધ પાર ઊતર્યા. આ પડાવ તેમના જીવનનો સૌથી વધુ રોમાંચકારી પડાવ હતો.

બાપુની યાત્રાનો सातमो पडाव બન્યું दिल्ही. બંગાળમાં શાંતિની સ્થાપના કરી તેઓ દિલ્હી ગયા. દિલ્હીમાં કોમી તોફાનો પરાકાષ્ઠાએ પહોંચ્યાં હતાં. ત્યાં રહી તેમણે પંજાબના દાવાનળને શાંત કરવાનું બીડું ઝડપ્યું, કેમ કે હત્યાકાંડમાં સંડોવાયેલું ભારત તેમનાથી જોયું જતું નહોતું. જ્યારે તેમની વાણીની લોકો પર ધારી અસર ન પડી ત્યારે બાપુએ પોતાનું છેલ્લું હથિયાર ઉઠાવ્યું. પોતાના જીવનનો છેલ્લો મહાન ઉપવાસ તેમણે દિલ્હીમાં જ આદર્યો અને હિંદુઓ તથા મુસલમાનોને ભાઈચારાનો પાઠ શીખવતાં શીખવતાં તેમણે પોતાના જીવનનું બલિદાન પણ અહીં જ આપ્યું. શુક્રવાર, ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ની સાંજે બાપુ જ્યારે પ્રાર્થના માટે બિરલા ભવનમાંથી નીકળ્યા ત્યારે એક હત્યારાએ ગોળીઓ ચલાવી તેમને ઠાર કર્યા. દેહ છોડતી વખતે તેમના ચહેરા પર ક્ષમાનો ભાવ હતો અને જીભ પર રામનું નામ હતું. જે બાપુએ આજીવન ધર્મનું પાલન કર્યું અને જે બાપુ સદા કર્મથી જ ભગવાનની

પૂજા કરતા રહ્યા, તે બાપુ યમુનાકિનારે રાજઘાટ પર સદાને માટે ચિરનિદ્રામાં પોઢી ગયા.

અને आठमो पडाव ? જે દિવસથી બાપુએ નશ્વર શરીર છોડ્યું તે દિવસથી તેઓ દેશ અને કાળના બંધનથી મુક્ત થઈ ગયા. તેમના મૃત્યુપ્રસંગે નેહરુજીએ કહ્યું: ''આપણા જીવનની જ્યોતિ બુઝાઈ ગઈ છે અને ચારે બાજુ અંધકાર ફેલાઈ ગયો છે.'' તેમણે આગળ કહ્યું: ''પણ હું કદાચ ભૂલું છું કેમ કે આ દેશમાં જે જ્યોતિ પ્રગટી હતી તે કોઈ સામાન્ય જ્યોતિ ન હતી. તે જ્યોતિ વર્ષો સુધી આ દેશમાં ઝળહળતી રહેશે અને હજાર વરસ પછી પણ તે આ દેશમાં ઝળહળતી જોવામાં આવશે.''


જે હૃદયોની ભીતર એ જ્યોતિનો આવિષ્કાર થશે તે उन्नत हृदयो જ બાપુની યાત્રાનો અંતિમ અને आठमो पडाव બની રહેશે.

# ૯. બાપુના દરબારનાં નવ રત્ન

બાપુ આપણા યુગના સૌથી મહાન માનવનિર્માતા હતા. જેની પીઠ તેમણે એક વખત થાબડી દીધી તે વંદનીય બની ગયો. તેમણે લાખોને ઘડ્યા, કરોડોને ઊંચે ચડાવ્યા. તેમણે નિર્જીવ માટીમાં પ્રાણ પૂર્યા. ભારતને તેમણે ત્યાગના ઉચ્ચ શિખરે પહોંચાડ્યો, જેની બરાબરી આજ સુધી ક્યાંય થઈ શકી નથી.

બાપુ માણસની પ્રતિભાના સહજ પારખુ હતા. તેઓ બીજામાં છુપાયેલી ભલાઈને બહાર ખેંચી લાવવામાં નિષ્ણાત હતા. પોતે સારા બનીને તેમણે બીજાઓને પણ સારા બનાવ્યા. પહેલો પોરબંદરમાં એક દીપક પ્રગટ્યો. પછી એ દીપકમાંથી અનેક દીપક પ્રગટ્યા અને જોતજોતામાં આ વિશાળ દેશના આંગણાને, ગોખલાને, ચૌટાં ને ચોરાને અને ખૂણેખૂણાને બાપુએ દીવડાઓથી શણગારી દીધાં.

એવા અસંખ્ય દીપોમાંથી કેટલાકનો પ્રકાશ બહુમૂલ્ય રત્નો કરતાં પણ વધારે છે. એ જ નવ રત્નોની અહીં ચર્ચા કરવામાં આવી છે :



પોરબંદરમાં એક દીપક પ્રગટ્યો
પછી એ દીપકમાંથી અનેક
દીપક પ્રગટ્યા

**૧. જવાહરલાલ નેહરુ :** રામ સાથે જેવો લક્ષ્મણનો સંબંધ હતો, એવો જ સંબંધ, આપણી રાષ્ટ્રગાથામાં બાપુ સાથે જવાહરલાલ નેહરુનો હતો. બાપુ સાથે ત્રીસ વર્ષ કરતાં પણ વધારે સમયના તેમના સહકારની ગાથા એ માનવી સહકારની એક ભવ્ય ગાથા છે. બાપુએ બહુ અગાઉથી જ નેહરુજીને પોતાના રાજનૈતિક વારસ જાહેર કરી દીધા હતા. કૉંગ્રેસના તેઓ યુવરાજ હતા. સ્વતંત્ર ભારતના તેઓ અઢાર વર્ષ સુધી વડા પ્રધાન રહ્યા અને આધુનિક ભારતના તેઓ મુખ્ય નિર્માતા હતા. જવાહરલાલ વિશ્વનાગરિક હતા. વિશ્વના યુદ્ધરત દેશોને તેમણે બતાવી આપ્યું કે બાપુનો માર્ગ કેટલો સાચો હતો.

**૨. વલ્લભભાઈ પટેલ :** ભારતના લોખંડી પુરુષ. બારડોલી સત્યાગ્રહના યશસ્વી સૂત્રધાર. આ સત્યાગ્રહના સમયથી જ તેઓ 'સરદાર' તરીકે વિખ્યાત થયા. કૉંગ્રેસ સંગઠનની લગામ સરદારના હાથમાં જ હતી. કૉંગ્રેસમાં શિસ્ત જાળવવાનું કામ તેમણે ઘણી જ કુશળતાથી બજાવ્યું. સ્વતંત્ર ભારતના તેઓ નાયબ વડા પ્રધાન અને ગૃહપ્રધાન હતા. તેમના ભગીરથ પુરુષાર્થને લીધે જ દેશને સુદૃઢ અને સુસ્થિર શાસન-વ્યવસ્થા મળી. લોહીનું એક ટીપું પણ રેડ્યા વગર સરદારે દેશના છસો રાજામહારાજાઓના મુકુટો ઉતારીને જનતાનાં ચરણોમાં મૂકી દીધા. આજે ભારતનું જે વિશાળ રૂપ છે તે સરદારે જ આપેલું છે.

**૩. રાજેન્દ્રપ્રસાદ :** ભારતના અજાતશત્રુ. વિનમ્રતાની સાક્ષાત્ પ્રતિમા. તેઓ અત્યંત તેજસ્વી વિદ્યાર્થી અને કાયદાના પ્રખર વિદ્વાન હતા. કૉંગ્રેસમાં તેમણે બધાં જૂથોનો આદર પ્રાપ્ત કર્યો હતો. આથી જ તેઓ વારંવાર કૉંગ્રેસ-પ્રમુખ ચૂંટાયા હતા. બાપુના રાજનૈતિક સિદ્ધાન્તોમાં તેમ જ તેમનાં રચનાત્મક કાર્યોમાં રાજેન્દ્રબાબુનો અટલ વિશ્વાસ હતો. સ્વતંત્ર ભારતના તેઓ પ્રથમ રાષ્ટ્રપતિ હતા. સદાકત આશ્રમ તેમ જ રાષ્ટ્રપતિ ભવન બંને

સ્થાનોમાં તેમણે સંતનું જ જીવન ગાળ્યું. સેવાનિવૃત્ત થઈ તેઓ પોતાના આશ્રમમાં પાછા ફર્યા અને ત્યાં જ તેમનું અવસાન થયું.

**૪. રાજગોપાલાચારી :** ચાણક્ય-બુદ્ધિ રાજનીતિજ્ઞ. ગાંધી-તત્ત્વજ્ઞાનને તર્કયુક્ત અને પ્રાસાદિક ભાષામાં સુશિક્ષિત લોકો સમક્ષ રજૂ કરવામાં તેઓ અત્યંત કુશળ છે. દક્ષિણ ભારતમાં બાપુના વિચારોનો પ્રચાર અને પ્રસાર કરવાનું શ્રેય તેમને જ ફાળે જાય છે. તેમને યોગ્ય જણાયું ત્યારે તેમણે બાપુનો વિરોધ પણ કર્યો. પણ બાપુ પ્રત્યેની તેમની ભક્તિમાં કોઈ દિવસ સહેજ પણ ઊણપ નથી આવી. રાજાજી ભારતના પ્રથમ ગવર્નર-જનરલ થયા. પછીથી તેઓ સ્વતંત્ર પક્ષના જનક બન્યા. રાજાજી અંગ્રેજી અને તામિલના પ્રખ્યાત લેખક તથા આપણા પ્રાચીન ધર્મગ્રંથોના વિશ્વસનીય અને પ્રમાણભૂત ભાષ્યકાર છે.

**૫. મૌલાના અબુલ કલામ આઝાદ :** દેશની એકતા અને સ્વાધીનતાના વીર સેનાની. કૉંગ્રેસ-પ્રમુખ તરીકે અનેક વાર તેમણે નિષ્ઠાપૂર્વક રાષ્ટ્રની સેવા કરી. છેલ્લી વાર તેઓ ૧૯૪૦થી ૧૯૪૬ સુધી કૉંગ્રેસના પ્રમુખ રહ્યા અને બ્રિટિશ સરકાર સાથે કૉંગ્રેસની જે વાટાઘાટો ચાલી તેના મુખ્ય પ્રવક્તાઓમાંના તેઓ એક હતા. સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા. પૂર્વ અને પશ્ચિમના દર્શનના તેઓ મહાન પંડિત હતા. કુરાન ઉપર તેમણે જે ભાષ્ય લખ્યું છે તે ઈસ્લામી સાહિત્યમાં ઘણું ઉચ્ચ સ્થાન ધરાવે છે.

**૬. વિનોબા ભાવે :** બાપુના આધ્યાત્મિક ઉત્તરાધિકારી. ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે બાપુએ સર્વપ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબાજીને જ પસંદ કર્યા હતા. તેમણે બાપુના સર્વોદય સંબંધી વિચારોને ખૂબ વિકસાવ્યા. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભૂદાન અને ગ્રામદાનના પ્રણેતા તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી. અનેક વાર આખા દેશની પદયાત્રા કરી. વિનોબા ભારતીય સંતપરંપરાના એક નરરત્ન છે.

**૭. ખાન અબ્દુલ ગફારખાન :** સરહદના ગાંધી. ગરમ લોહી માટે જાણીતી પઠાણ જાતિમાં જન્મ લઈને તેમણે 'બળવાનની અહિંસા'નું ઉજ્જ્વલ ઉદાહરણ પૂરું પાડ્યું. બાપુનાં અસહકાર આંદોલનોમાં આરંભથી જ ભાગ લીધો. જેલમાં તેમણે બાપુની 'આત્મકથા' વાંચી. ત્યારથી બાપુ તેમના જીવનના મંત્રદાતા બની ગયા. ગુરુનું અનુકરણ કરતાં કરતાં તેઓ પોતે જ સરહદના ગાંધી બની ગયા. રણવીર પઠાણોએ તેમના માર્ગદર્શન નીચે અહિંસાનું જે ઉમદા ઉદાહરણ જગત સામે મૂક્યું તે સર્વથા અજોડ અને બેનમૂન છે.

**૮. સરોજિની નાયડુ :** ભારતની કોકિલા. કુશાગ્રબુદ્ધિ મહિલા તથા અંગ્રેજી ભાષાની સુવિખ્યાત કવયિત્રી અને સુવક્તા. બાપુ સાથે મેળાપ થયો તે પછી રાજકારણમાં સંપૂર્ણ રીતે ભાગ લેતાં થયાં. બે વાર કૉંગ્રેસ-પ્રમુખ બન્યાં. બાપુની માંદગીમાં કોઈ સિંહણ પોતાના બચ્ચાની ચોકી કરે તેવી જ રીતે તેઓ બાપુની ચોકી કરતાં હતાં. તેથી જ બાપુ તેમને વહાલથી 'અમ્માજાન' કહેતા. સ્વતંત્ર ભારતનાં તેઓ પ્રથમ મહિલા રાજ્યપાલ થયાં.


**૯. આચાર્ય કૃપાલાની :** ઈતિહાસના જાણીતા વિદ્વાન અને વિચારક. અંગ્રેજીના કુશળ લેખક અને વક્તા. લોકસભાના લાડીલા સભ્ય. બાપુએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયના તેઓ આચાર્ય હતા. ખાદીપ્રચારના કાર્યને કૃપાલાનીજીએ ખૂબ વેગ આપ્યો. સતત બાર વર્ષ સુધી કૉંગ્રેસના મહામંત્રી રહ્યા. નિઃસ્વાર્થ સેવા અને આત્મનિષ્ઠાને જોરે તેઓ કૉંગ્રેસ-પ્રમુખ બન્યા અને તે જ આત્મનિષ્ઠાને ખાતર તે પદનો તેમણે ત્યાગ પણ કર્યો. ૧૯૫૧માં તેઓ કૉંગ્રેસમાંથી છૂટા પડ્યા. ભારતમાં તેઓ એક બંડખોર પ્રતિભા તરીકે પંકાયા છે.



આ છે બાપુના દરબારનાં નવ રત્નો. સ્વાધીન ભારત-તીર્થના સહયાત્રી, જેમણે બાપુની જ્યોતિમાંથી પોતાના દીપ પ્રગટાવ્યા હતા. ઉત્તર પ્રદેશથી જવાહરલાલ, ગુજરાતથી સરદાર, બિહારથી રાજેન્દ્રપ્રસાદ, મહારાષ્ટ્રથી વિનોબા, પેશાવરથી અબદુલ ગફારખાન, સિંધથી કૃપાલાની, દિલ્હીથી મૌલાના આઝાદ, બંગાળથી સરોજિની નાયડુ અને તામિલનાડુથી રાજાજી. આ લોકો પોતપોતાના ક્ષેત્રમાં સ્વયં મહાન છે. દુનિયાનો કોઈ પણ દેશ પોતાના આવા લોકો માટે ગૌરવ અનુભવી શકે છે. જગતનો બીજો કોઈ પણ મહાપુરુષ બાપુની જેમ આટલી વિવિધ પ્રકારની પ્રતિભાશાળી વ્યક્તિઓને પોતાની આસપાસ એકત્ર કરવા સમર્થ

નથી નીવડ્યો. પણ આ લોકો બાપુના દરબારનાં રત્નો છે, દરબાર નહીં. તેમનો દરબાર તો બહુ મોટો હતો. તેના વિસ્તારનું માપ કાઢવું સહેલ નથી. બાપુના દરબારનાં અન્ય રત્નોનો પ્રકાશ પણ કાંઈ ઓછો ન હતો. તક મળી ત્યારે તેઓ પણ ખૂબ ચમક્યાં. દાખલા તરીકે લાલબહાદુર શાસ્ત્રી. શાસ્ત્રીજી બાપુની જ બક્ષિસ હતા. શાસ્ત્રીજી હંમેશ કહેતા કે, મારા જીવન પર સૌથી વધુ પ્રભાવ બાપુનો પડ્યો છે. વળી લાખો લોકો એવા પણ હતા જેમને બાપુનો એવો તો રંગ લાગ્યો કે તેમના જીવનનો પ્રવાહ જ બદલાઈ ગયો.

બાપુ મહત્તાના હિમાલય હતા, જેમાંથી અસંખ્ય નદીઓ નીકળી અને દેશના કણેકણને સીંચતી રહી.



## ૧૦. બાપુના દશ આદેશ

બાપુનો પહેલો આદેશ હતો તંદુરસ્ત રહો. પહેલું સુખ તે જાતે નર્યા. આરોગ્ય એ ઈશ્વરની એક બહુ મોટી બક્ષિસ છે. આપણે જો બેદરકારીથી પોતાના આરોગ્યને બગાડી મૂકીશું તો જીવનના એક અત્યંત મહત્ત્વના વરદાનથી વંચિત રહી જઈશું. જે માણસ સ્વસ્થ નથી, તેનું જીવન તેને માટે ભારરૂપ બની જાય છે. ઇચ્છે તોપણ તે જીવનમાં કોઈ સારું કે મહાન કાર્ય કરી શકતો નથી. તેથી જ બાપુનો પ્રથમ આદેશ હતો તંદુરસ્ત રહો. ખડતલ બનો. શરીરને મજબૂત ને નીરોગી રાખો. શરીર પાસે આપણે કામ લેવું છે. માટે તેની સંભાળ રાખો, તેને સારી રીતે સાચવો. તેને સાજુંતાજું રાખો.

બાપુ આરોગ્યની જીવંત મૂર્તિસમા હતા. તેમના અંગપ્રત્યંગમાં બાળકોના જેવો ઉમંગ ને ઉલ્લાસ હતો. પોતાની ઇંદ્રિયો પર તેમનો

પૂરો અંકુશ હતો. પોતાના શરીર પાસે તેઓ ધાર્યું કામ કરાવી શકતા હતા. તેઓ પથારીવશ બનીને માંદગીની કે લાચારીની હાલતમાં નહીં, પણ સિંહની જેમ છાતીમાં ગોળી ખાઈને મર્યા. જો તેમની હત્યા કરવામાં ન આવી હોત તો, એક વખત તેઓ ઈચ્છતા હતા તેમ નિઃસંદેહ ૧૨૫ વરસ જીવ્યા હોત.

બાપુનો બીજો આદેશ હતો स्वच्छ रहो. આરોગ્ય સાથે સ્વચ્છતાનો નિકટ સંબંધ છે. ગંદકી અને બીમારી સાથે સાથે જ ચાલે છે. તેથી તંદુરસ્ત રહેવા માટે સ્વચ્છ રહેવું આવશ્યક છે. આરોગ્યની દષ્ટિએ જ નહીં પણ સૌંદર્યની દષ્ટિએ પણ આપણી જાતને, આપણાં ઘરોને અને આપણાં ગામો તથા શહેરોને સાફ અને સુઘડ રાખવાં અતિ આવશ્યક છે. ગંદકી અને ફૂવડપણું આપણા મનને આઘાત પહોંચાડે છે. અને પછી તો જે તનને સાફ રાખશે તે મનને પણ સાફ રાખવાનો વિચાર કરશે જ. સ્વચ્છતા હોય છે ત્યાં જ પ્રસન્નતા અને પવિત્રતા વાસ કરે છે.

બાપુ અત્યંત સ્વચ્છ અને સુઘડ રહેતા હતા. સ્વચ્છતા તેમને ઘણી પ્રિય હતી. ગંદકીને તેઓ સહન જ કરી શકતા નહોતા. ગંદકી જોતાં જ તેઓ પોતાનાં બધાં કામ છોડી તેની સફાઈમાં લાગી જતા. સૌથી વધારે સાબદા તેઓ સંડાસની સફાઈ વિષે રહેતા. બાપુનો આગ્રહ હતો કે પાયખાનાં પણ મંદિર જેવાં સ્વચ્છ અને સુઘડ રહેવાં જોઈએ. સફાઈકામ કરનાર લોકો તેમને ઘણા વહાલા હતા. હરિજનો તેમના સ્વજન હતા.

બાપુનો ત્રીજો આદેશ હતો श्रम करो - મહેનત કરો. તંદુરસ્ત રહેવા માટે જેમ સ્વચ્છ રહેવું જરૂરી છે તેમ શ્રમ કરવો પણ જરૂરી છે. જે મહેનત કરે છે તેને જ ભૂખ લાગે છે, ઊંઘ આવે છે અને તેનું જ શરીર સ્ફૂર્તિલું રહે છે. તળાવના બંધિયાર પાણીની જેમ આળસુ શરીર પડ્યું પડ્યું જડ બની નકામું થઈ જાય છે. વળી મહેનત કરવી એ આરોગ્યની દષ્ટિએ જ નહીં પણ નીતિની દષ્ટિએ પણ આવશ્યક

છે. જે પોતે મહેનત કરતો નથી તેને બીજાની મહેનતથી પેદા થતી વસ્તુઓનો ઉપભોગ કરવાનો અધિકાર નથી. બાપુ કહેતા કે જે માણસ જાતમહેનત નથી કરતો તેને ભોજનનો અધિકાર નથી.

બાપુએ આ દેશમાં શ્રમનું ગૌરવ વધાર્યું. એક વાર તેમણે ગ્રામવાસીઓને કહ્યું હતું: ''હું સખત કામ લેવામાં માનનાર આદમી છું. હું જો તમારી વચ્ચે રહીશ તો હું પોતે જંપીશ નહીં અને તમને જંપવા દઈશ નહીં. આબાદી અને જાહોજલાલી કાંઈ આસમાનમાંથી ટપકતી નથી. તે તો ધરતીમાંથી જન્મે છે.'' બાપુ સાચા અર્થમાં કર્મયોગી હતા. શરીરશ્રમનું દરેક કામ કરવા તેઓ હંમેશ તૈયાર રહેતા હતા. તેઓ રેંટિયો ચલાવતા, કાપડ વણતા, વાસણ માંજતા, ઘંટીએ દળતા અને ઝાડુ વાળતા. તેમને કદી નોકરની જરૂર જણાઈ નહોતી.

બાપુનો ચોથો આદેશ હતો शिस्तपूर्वक રહો. શિસ્ત એ મોટે ભાગે ફોજી ગુણ છે. પણ જીવનને ઊંચે ચડાવવા માટે તેનું ઘણું જ મહત્ત્વ છે. કઠોર સંયમ અને માનસિક શિસ્ત વગર માણસ કંઈ જ કરી શકતો નથી. શિસ્તનો અર્થ છે પોતાના પર કેટલાક અંકુશો મૂકવા અને ચુસ્તપણે તેમનું પાલન કરવું. સમયપાલન એ એક શિસ્ત છે. નિયમો ન તોડવા એ પણ શિસ્ત છે. આજ્ઞાંકિતતાનો સમાવેશ શિસ્તમાં જ થાય છે અને પોતાની ઇંદ્રિયોને વશમાં રાખવી એ પણ એક ઉચ્ચ કોટિની શિસ્ત જ છે.

શિસ્ત વિષે બાપુ બહુ જ કડક હતા. શિસ્તભંગના તેઓ કટ્ટર વિરોધી હતા. નિયમવિરુદ્ધ કે બેહૂદી વાતો તેઓ કોઈ દિવસ સહન કરે જ નહીં. બેદરકારી, બેજવાબદારી કે ગાડરિયા પ્રવાહનો તેઓ સખત વિરોધ કરતા. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં એક વાર થોડાક જ લોકોએ શિસ્તભંગ કર્યો, ત્યારે બાપુએ આખા દેશમાં સત્યાગ્રહ અટકાવી દીધો હતો. જરાક અમથી ભૂલ થઈ જાય ત્યારે પણ તેઓ પોતાની જાતને કઠોરમાં કઠોર શિક્ષા કરતા. ૭૭ વરસની ઉંમરે


બાપુએ પોતાની ડાયરીમાં આ પ્રમાણે લખ્યું હતું: ''આજે મને ક્રોધ આવી ગયો. મારે વિચારવું પડશે કે આમ કેમ થયું. મારું આત્મનિરીક્ષણ ચાલે છે.''

બાપુનો પાંચમો આદેશ હતો स्वाश्रयी बनो - સ્વાવલંબી બનો. કોઈના ગરજુ ન રહો. બીજાના આશ્રિત આપણે કેમ રહીએ? ઈશ્વરે આપણને હાથપગ શા માટે આપ્યા છે? આ તે કેવો ન્યાય કે બીજા આપણે માટે મહેનત કરે અને આપણે બેઠા બેઠા ટગર ટગર જોયા કરીએ? પોતાની જરૂરિયાતો આપણે પોતે પૂરી કરી લેવી જોઈએ. આપણો રસ્તો આપણે પોતે જ કાઢવો જોઈએ. અને જે પોતાના પગ ઉપર ઊભો રહે છે તે જ જગતમાં સ્વમાનભેર જીવી શકે છે.

ઈશ્વર સિવાય બીજા કોઈનો આશરો બાપુએ કદી ઇચ્છયો ન હતો. આરંભથી જ તેમને કોઈ પણ આધાર રાખવાની ટેવ નહોતી. રેંટિયો એ સ્વાવલંબન ને સ્વાશ્રયનું જ પ્રતીક છે. તે આપણને યાદ કરાવતો રહે છે કે માણસે બીજા કોઈના પર આધાર રાખવો ન જોઈએ. આપણા આ વિશાળ દેશને પોતાના અને દેશવાસીઓના બળે જ તેમણે આઝાદી અપાવી. આઝાદીની લડતમાં તેમણે કદી પણ બીજા કોઈ દેશની મદદની આશા રાખી નહોતી.

આ છે બાપુના પ્રથમ પાંચ આદેશો. આ આદેશોનું પાલન કરવાથી આપણે ઉત્તમ નાગરિક બની શકીએ છીએ. પણ આપણે સારા નાગરિક બનીએ એટલું જ પૂરતું નથી. સારા માણસ થવાની પણ આપણી ફરજ છે. અને આ ત્યારે જ થઈ શકે જ્યારે આપણે બાપુના બાકીના પાંચ આદેશોનું પાલન કરીએ.

બાપુનો છઠ્ઠો આદેશ હતો सादाईथी रहो. પોતાની જરૂરિયાતો બેફામ રીતે વધારવામાં સુખ નથી. જો આમ કરીશું તો સ્વાશ્રયી કે ઈમાનદાર રહેવું આપણે માટે મુશ્કેલ થઈ જશે. પોતાની ઇંદ્રિયોના આપણે ગુલામ બની જઈશું. આપણો લોભ વધતો જશે અને જીવનમાં શાંતિ દુર્લભ થઈ પડશે. જરૂર કરતાં વધુ વસ્તુઓ ભેગી



કરી રાખવામાં ન્યાય પણ નથી. આમ કરવાથી જે લોકોને તેની ખરેખર જરૂર છે તેઓ તેનાથી વંચિત રહી જાય છે.

બાપુની સાદગી તો જગજાહેર છે. તેઓ સાદું ભોજન લેતા, જાડી ખાદી પહેરતા અને માટીની ઝૂંપડીમાં રહેતા. પ્રવાસ ત્રીજા વર્ગમાં જ કરતા. દવાઓ અને ઇંજેક્ષનોની કોઈ દિવસ તેમને જરૂર જણાઈ નથી. તેમની પાસે પોતાની કોઈ સંપત્તિ ન હતી. નકામાં ખરચથી તેઓ યોજનો દૂર રહેતા. પણ બાપુની આ સાદગી પાછળ લાચારી કે મજબૂરી ન હતી. તેમની સાદગી પાછળ સંયમનું તેજ હતું અને તેથી જ તેમની સાદગીમાં ગૌરવ અને મહત્તાનાં દર્શન થતાં.

બાપુનો સાતમો આદેશ હતો निर्भय बनो - બહાદુર બનો. ભય માણસનો સૌથી મોટો દુશ્મન છે અને સાહસ તેની સૌથી મોટી શક્તિ છે. ભયભીત માણસમાં ચારિત્ર્ય જેવી વસ્તુ હોતી નથી. ભય માણસને ઢોંગી ને દંભી બનાવી મૂકે છે. કાયર અને બીકણ લોકોને લીધે જ જગતમાં અન્યાય ફૂલેફાલે છે. તેથી બધા જ ભય ત્યજીને નિર્ભય બનો. કાળજું વાઘસિંહનું રાખો. બધી જ મુશ્કેલીઓ અને મુસીબતોનો બહાદુરીથી સામનો કરો.

બાપુ જેવો અસાધારણ સાહસિક પુરુષ તો અનેક યુગો પછી કોઈ એકાદ જ પાકે છે. ભયને તેઓ પાપ ગણતા હતા. તેઓ ખોટી વાત સામે કદી નમ્યા કે ઝૂક્યા નહીં. મોતના ભયને તો તેઓ જીવનમાં બહુ પહેલાં છોડી ચૂક્યા હતા. મૃત્યુની સાક્ષાત્ મૂર્તિ પણ તેમને તસુભર પણ ચળાવી શકતી નહોતી. પોતે નિર્ભય રહીને બાપુએ પોતાના દેશવાસીઓને પણ નિર્ભય બનાવ્યા.

બાપુનો આઠમો આદેશ હતો सत्य बोलो. આ એક જ ગુણ જો સાધી શકાય તો બીજા ઘણા ગુણો આપોઆપ સધાઈ જાય. જે સાચું બોલશે તે છળકપટ, દગો, બેઈમાની વગેરેથી હંમેશ યોજનો દૂર રહેશે. તેની કહેણીમાં ને કરણીમાં કોઈ અંતર નહીં રહે. તેના મન પર અસત્યનો મેલ કદી ચડશે જ નહીં. તેનું અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર રહેશે. તેથી સાચું બોલો. મનસા, વાચા, કર્મણા સત્યનું પાલન કરો. આવું સંપૂર્ણ સત્ય એક દિવસ દિવ્યતા સાથે આપણું અનુસંધાન કરાવી આપશે.

બાપુએ પોતાના તેજસ્વી વ્યક્તિત્વ દ્વારા સમગ્ર દેશમાં સત્યની જ્યોત પ્રગટાવી હતી. તેમનું સત્ય નર્યું શાસ્ત્રીય સત્ય નહીં પણ પ્રત્યક્ષ આચારનું સત્ય હતું. આ સત્ય રાજનીતિના ક્ષેત્રમાં અને વિરોધીના તંબૂમાં પણ બાપુ સાથે રહેતું હતું. અસત્યને તેઓ કદી બરદાસ્ત કરતા જ નહીં. તેઓ વારંવાર કહેતા કે મનુષ્યથી ભૂલો

થાય છે, પણ પોતાની ભૂલો છુપાવવા જો તે અસત્યનો આશરો લે તો એ ઘણું જ શરમજનક છે.

બાપુનો નવમો આદેશ હતો अहिंसानुं पालन करो. તેઓ માનતા હતા કે હિંસા જેમ પશુઓનો સહજ અને સ્વાભાવિક ધર્મ છે તેમ અહિંસા માણસનો એકમાત્ર ધર્મ છે. પણ અહિંસા કાયરની નહીં, શૂરવીરની હોવી જોઈએ. આપણા દૈનિક જીવનમાં અહિંસાનો અર્થ છે વિનમ્ર અને વિનયશીલ બનવું; સહિષ્ણુ અને સહનશીલ બનવું; એકબીજા જોડે હળીમળીને પ્રેમપૂર્વક રહેવું. રાષ્ટ્રના બધા લોકો સંપી અને હળીમળીને રહે અને કામ કરે એમાં જ રાષ્ટ્રની તાકાત રહેલી છે. કોઈ વખત મતભેદ ઊભો થાય તો સાથે બેસીને શાંતિથી તેને દૂર કરવો. માનવનો એક માનવ તરીકે આદર કરવો, પછી ભલે તે કોઈ પણ ન્યાત, ધર્મ કે પ્રદેશનો હોય.

બાપુ અહિંસાના ઉપાસક હતા. તેમણે પોતાના ઉદયકાળથી જ સત્ય અને અહિંસાને પોતાના જીવનના આધાર બનાવ્યા હતા. તેથી જ આગળ જતાં તેઓ સત્યાગ્રહની શોધ કરી શકયા. અહિંસામાંથી તેમની શ્રદ્ધા કદી ડગી નહીં. વળી પોતાની વાણી અને વ્યવહારમાં પણ તેઓ અહિંસાધર્મનું સંપૂર્ણ પાલન કરતા હતા. તેઓ કદી કોઈનું મન દૂભવતા નહીં, કે કદી કોઈનો અનાદર કરતા નહીં. બાપુની શિષ્ટતા, વિનય અને સૌજન્ય અનુપમ હતાં.

બાપુનો દસમો આદેશ હતો नेकी करो. भलाई करो. માનવસેવા કરો. માત્ર પોતાનામાં જ ડૂબેલા ન રહો. પોતાને ખાતર જ ન જીવો. થોડુંક બીજાઓ માટે પણ જીવો. સંવેદનશીલ બનો. દીનદુ:ખી ને નિરાધારની સેવા કરો, તેમને મદદ કરો. આ જ સલાહ એક વાર બાપુએ નેહરુજીને પણ આપી હતી: ''હું તમને એક જડીબુટ્ટી આપું છું. જ્યારે તમે કંઈ મૂંઝવણમાં આવી પડો, ત્યારે તમે નીચે બતાવેલો પ્રયોગ કરજો. જે સૌથી ગરીબ અને કમજોર માણસનો ચહેરો તમે કદી જોયો હોય તેને યાદ કરજો અને

પોતાની જાતને પૂછજો કે જે પગલું તમે ભરવા માગો છો તેથી તે માણસનું કાંઈ કામ સરશે? તેનું કાંઈ ભલું થશે?''

બાપુને મન પવિત્રતાનો અર્થ હતો માનવજાતની સેવા. બીજાનું દુ:ખ જોઈ તેઓ પીગળી જતા. પીડિતો અને પદદલિતો પ્રત્યે તેમની સહજ સહાનુભૂતિ હતી. દરેક આંખનાં આંસુ લૂછવાની તમન્ના તેમના મનમાં સતત રહેતી. આ પ્રયત્નમાં જ બાપુએ પોતાનું સમગ્ર જીવન ખપાવી દીધું. તેમનું આ એક વાક્ય અનંત કાળ સુધી માનવજાતિને માર્ગ બતાવતું રહેશે :

''ગરીબોના મનમાં વસતા પ્રભુ
સિવાય
બીજા કોઈ ભગવાનને
હું ઓળખતો નથી.
અને
આ મૂક જનતાની સેવા
દ્વારા જ
હું ઈશ્વરને પામવા ચાહું છું.''

---

Acc. No. 130289
Date 10-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## શિલ્પીની સૂઝ
## સાધકની બૂઝ

બાપુના જીવન સંબંધી વિશાળ સાહિત્ય-મંદિરમાં, કંઈક લજ્જા અને કંઈક સંકોચ સાથે, ભાઈ અમૃતલાલ પણ એમનો લઘુ પૂજાથાળ લાવ્યા છે. એની સાથે ન તો ઘંટા-ઝાલરનો ઘનઘોર ઘટાટોપ છે, ન સ્તવ-સ્તોત્રોનો સીમાહીન સંભાર. બસ નાનો શો-કદાચ માટીનો બનેલો-થાળ છે, થોડી શી દિવેટો, જેમાં પૂજારીની અન્તર્મુખી દષ્ટિનો સ્નિગ્ધ પ્રકાશ છે.

અમૃતલાલ વ્યવસાયે શિલ્પી છે, એટલે રંગ-રૂપ-રેખાઓના પેલા આંતરિક વિરહ-મિલનનો ભેદ તેઓ જાણે છે, સુરુચિ અને સહૃદયતાના રસથી શિલ્પી જેને ભીંજવે છે. એટલે જ એમને સંતુલન સુલભ છે. અને સુષમા પણ. સ્વભાવથી અમૃતલાલ સાધક છે, એટલે મંગલની કલ્પના એમને અનુપ્રેરિત કરે છે. એમની શૈલી આમ શિલ્પીની સૂઝ અને સાધકની બૂઝનાં તત્ત્વોથી આપોઆપ ઘડાઈ ઊઠી છે. બાપુ જો કેવળ સંગ્રહાલયમાં સજાવીને રાખવાની વસ્તુ ન હોય, તો અમૃતલાલની આ રચનાઓ આપને જરૂર ગમશે.

– મોહનલાલ બાજપેયી

Library IIAS, Shimla
GJ 891.474 P 975 B
00130284

રૂ. ૧૦.૦૦

ISBN 81-7229-193-0

SABARMATI ASHRAM
000796 Ahmedabad
BAPUNE DUS ANJALI
MRP: Rs.10